RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 64* Date: 23.12.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સંપૂર્ણ રીતે ખતમ થયો નથી કોરોના, બુસ્ટર ડોઝ લગાવો : મનસુખ માંડવિયા

**નવો સબ વેરિએન્ટ બીએફ.૭ સામે આવ્યો છે . આ નવા વેરિએન્ટના ભારતમાં અત્યાર સુધીમાં ચાર કેસ મળી ચૂક્યા છે**



નવીદિલ્હી,તા.૨૨

કોરોના વાયરસનો પ્રકોપ હજુ પણ સંપૂર્ણ રીતે ખતમ થયો નથી. આ બધા વચ્ચે કોરોનાનો એક નવો સબ વેરિએન્ટ બીએફ.૭ સામે આવ્યો છે . આ નવા વેરિએન્ટના ભારતમાં અત્યાર સુધીમાં ચાર કેસ મળી ચૂક્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આજે કોરોના સંકટને લઈને કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવી રહેલા પગલાં અંગે પહેલા લોકસભામાં અને પછી રાજ્યસભામાં જાણકારી આપી. તેમણે કહ્યું કે દુનિયામાં રોજ ૫ લાખથી વધુ કેસ સામે આવી રહ્યા છે. કોરોના હજુ સંપૂર્ણ રીતે ખતમ થયો નથી, જે લોકોએ બુસ્ટર ડોઝ હજુ સુધી લીધા નથી તેઓ જરૂર લગાવી લે. રાજ્યોને જીનોમ સિક્વેન્સિંગ વધારવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. ભારતમાં કોવિડ મેનેજમેન્ટ સારું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ લોકસભામાં કહ્યું કે કોવિડ-૧૯ની સતત બદલાતી પ્રકૃતિ વૈશ્વિક સ્વાસ્થ્ય માટે જોખમ છે. કેન્દ્ર સરકાર કોરોના વાયરસની વૈશ્વિક સ્થિતિ પર સતત નજર જાળવી રહ્યું છે. જાહેર સ્વાસ્થ્ય આગળ ઊભેલા પડકારોને પહોંચી વળવા માટે સતત પગલાં લેવાઈ રહ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે રાજ્યોને ઈન્ફેક્શનના તમામ કેસમાં જીનોમ સિક્વેન્સિંગ કરાવવાની સલાહ અપાઈ છે. આવનારા ફેસ્ટિવલ અને નવા વર્ષને જોતા જરૂરી કોવિડ પ્રોટોકોલના પાલન માટ રાજ્યોએ જાગૃતતા વધારવી જોઈએ. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ વધુમાં કહ્યું કે ઈન્ટરનેશનલ એરપોર્ટ્સ પર વિદેશથી આવનારા મુસાફરોમાંથી ૨ ટકા લોકોના સેમ્પલ રેન્ડમ રીતે આરટી-પીસીઆર તપાસ માટે લેવાની પ્રોસેસ આજથી શરૂ થઈ ગઈ છે. તેમણે વધુમાં કહ્યું કે કોરોના વૈશ્વિક મહામારીને રોકવા માટે તમામ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. હું સદનમાં તમામ સાથીઓની આ કોશિશોમાં મદદ ઈચ્છુ છું. બુસ્ટર ડોઝ બાદ પણ કોવિડ પ્રોટોકોલનું પાલન કરતા રહો. એક સાથે મળીને દ્રઢ સંકલ્પ સાથે કોરોના જેવા દુશ્મન વિરુદ્ધ લડાઈ લડવી પડશે.

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યાં છે જયારે વિશ્વમાં કોરોનાના કેસ વધી રહ્યાં છે. આમ છતા, સરકાર કોરોનાને લઈને સતર્ક હોવાનું કેન્દ્રીય આરોગ્ય પ્રધાને આજે લોકસભામાં જણાવ્યું હતું. કોરોનાને નિયંત્રણમાં લેવા માટે જરૂરી તમામ પગલાં સરકાર દ્વારા લેવાઈ રહ્યાં છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાને કહ્યું કે, કોરોનાથી બચવા માટે બૂસ્ટર ડોઝ લેવો જોઈએ. તેની સાથોસાથ કોરોના માટે જાહેર કરેલ માર્ગદર્શીકાનું પૂરેપૂરુ પાલન પણ કરવુ જરુરી છે. તેમ પણ તેમણે કહ્યું હતું.ચીન સહીત વિશ્વના કેટલાક દેશમાં વધી રહેલા કોરોનાના કેસને ગંભીરતાથી લઈને સરકારે વિદેશથી આવનાર મુસાફરોના પરીક્ષણ કરવાનું શરૂ કર્યું છે. કોરોનાથી બચવા માટે સરકારે જાહેર કરેલ માર્ગદર્શીકાનું પાલન કરવાની કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ લોકોને અપિલ કરી હતી. સાથોસાથ આ મહામારી સામે જાગૃતતા લાવવા માટે સૌનો સાથ પણ જરૂરી છે તેમ જણાવ્યું હતું.દેશમાં કોરોનાની વર્તમાન સ્થિતિ અને સરકારની તૈયારીઓ અંગે મનસુખ માંડવિયાએ કહ્યું કે, "સરકાર સતત પગલાં લઈ રહી છે અને રાજ્યોને પણ એલર્ટ રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. આ સાથે જ રાજ્યોને નવા આવતા કોરોનાના કેસના જીનોમ સિક્વન્સ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. જેથી કોરોના વેરિઅન્ટના નવા પ્રકારો પણ જાણી શકાય. નવા વર્ષ અને તહેવારને ધ્યાનમાં રાખીને, માસ્ક, સેનિટાઈઝર અને અન્ય કોરોના ઉપાયો અપનાવવાની સલાહ આપવામાં આવી છે.

મનસુખ માંડવિયાએ કહ્યું કે, વિદેશથી આવતા મુસાફરો માટે રેન્ડમ સેમ્પલિંગ શરૂ કરવામાં આવ્યું છે. ભારત કોવિડ મેનેજમેન્ટ વધુ સારી રીતે કરી રહ્યું છે. અને આગળ પણ ચાલુ રાખશે. તેમણે ગૃહના સભ્યોનો સહકાર માંગતા કહ્યું કે, કોવિડ વિરોધી રસી લગાવીને તેની સામે સામૂહિક લડાઈ લડવાની જરૂર છે. આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ કોરોના અંગે કેન્દ્રની પ્રતિબદ્ધતા વિશે જણાવ્યું હતું કે, ભારતમાં રેકોર્ડબ્રેક રસી સ્થાપિત કરવામાં આવી છે. સરકાર કોરોનાના નિયંત્રણ માટે પ્રતિબદ્ધ છે.તેમણે કહ્યું હતું કે ચીનમાં સ્મશાનોમાં ભીડ છે. બીજી લહેરમાં પણ ભારતની હાલત એટલી ખરાબ ન હતી, જેટલી અત્યારે ચીનમાં છે. ત્યાં જે વાઈરસે તબાહી મચાવી છે એ વધુ ખતરનાક બની રહ્યો છે.ભારતે ગભરાવાની જરૂર નથી, પણ ગંભીર થવાની ચોક્કસ જરૂર છે. આપણે હવે તમામ સ્તરે એલર્ટ રહેવાની જરૂર છે.

# રોબર્ટ વાડ્રા અને તેની માતાની ધરપકડ પરનો પ્રતિબંધ હટાવવાની માંગણી માટે દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી છે



બિકાનેર,તા.૨૨

રાજસ્થાન હાઈકોર્ટે બીકાનેરના કોલાયતમાં રોબર્ટ વાડ્રાના જમીન ખરીદી કેસ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પોતાનો ચુકાદો આપ્યો હતો. રોબર્ટ વાડ્રા અને તેમની માતા મૌરીન વાડ્રા અને વચેટિયા મહેશ નાગર સંબંધિત અરજી પર બુધવારે સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટનો નિર્ણય આવ્યો છે. કોર્ટે રોબર્ટ વાડ્રા, મૌરીન વાડ્રાની ED ની કસ્ટડીમાં પૂછપરછ કરવા અને કોર્ટ દ્વારા તેમની ધરપકડ પરનો પ્રતિબંધ હટાવવાની માંગણી માટે દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી છે. આ સાથે જ માતા અને દિકરાની મુશ્કેલીમાં વધારો થયો છે.

મહેશ નાગર અને અન્યની અરજી ફગાવી દેવા ઉપરાંત બે સપ્તાહ સુધી ધરપકડ પરનો પ્રતિબંધ ચાલુ રાખવાનો આદેશ કરીને હાઈકોર્ટે તાત્કાલિક રાહત આપી છે. આ દરમિયાન ફરિયાદી ફરીથી અપીલ પણ કરી શકે છે. જોધપુર હાઈકોર્ટના જસ્ટિસ ડૉ. પુષ્પેન્દ્ર સિંહ ભાટીની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો છે જ્યાં બુધવારે આ અરજી પર ED અને વાડ્રાના વકીલો વચ્ચે દલીલો પૂર્ણ થઈ હતી અને કોર્ટે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

તમને જણાવી દઈએ કે કોર્ટે રોબર્ટ વાડ્રા અને તેમની માતા મૌરીન વાડ્રા વિરુદ્ધ કોલાયત, બિકાનેરમાં જમીનના વેચાણ અને ખરીદીને લઈને ચાલી રહેલા કેસની બુધવારે સુનાવણી કરી હતી. બુધવારે કોર્ટમાં બંને પક્ષોની સુનાવણી થઈ હતી, ત્યારબાદ કોર્ટે પોતાનો નિર્ણય ગુરુવાર સુધી સુરક્ષિત રાખ્યો હતો. નોંધનીય છે કે આ કેસમાં કોર્ટે વાડ્રા સહિત તમામ આરોપીઓની ધરપકડ પર સ્ટે મુક્યો હતો.

નોંધપાત્ર રીતે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બીકાનેર જમીન કૌભાંડમાં રોબર્ટ વાડ્રા સામે કેસ નોંધ્યો છે, જેની તપાસ બીકાનેરના સરહદી જિલ્લાના કોલાયત વિસ્તારમાં કંપની દ્વારા ૨૭૫ વીઘા જમીનની ખરીદી સાથે સંબંધિત છે.

તે જ સમયે, કેન્દ્રીય તપાસ એજન્સીએ સ્થાનિક તહસીલદાર દ્વારા ફરિયાદ નોંધાવ્યા બાદ રાજ્ય પોલીસ દ્વારા નોંધાયેલી એફઆઈઆરના આધારે ૨૦૧૬માં વાડ્રા સામે મની લોન્ડરિંગનો ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હતો.

જણાવી દઈએ કે વાડ્રાનો આ કેસ રાજસ્થાન હાઈકોર્ટમાં લગભગ ૫ વર્ષથી ચાલી રહ્યો છે, જેના પર ૮૦ થી વધુ વખત સુનાવણી થઈ છે.

અગાઉ, કોર્ટની સિંગલ બેંચની સામે, સ્કાય લાઈટ હોસ્પિટાલિટી સિવાય મહેશ નાગરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસને પડકારી હતી. તે જ સમયે, રોબર્ટ વાડ્રાના વતી રાજસ્થાન હાઈકોર્ટમાં એક અરજી રજૂ કરવામાં આવી હતી, જેના પર ૧૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ ધરપકડ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# કેન્દ્ર સહમતિથી સેક્સ માટેની વય મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરી રહી નથી

નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકારે રાજ્યસભામાં કહ્યું કે તે સહમતિથી સેક્સ માટેની વય મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરી રહી નથી. મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ રાજ્યસભામાં આ વાત કહી છે. હકીકતમાં, રાજ્યસભામાં કેન્દ્ર તરફથી એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે શું તેઓ સહમતિથી સંભોગની ઉંમર ઘટાડવાનું વિચારી રહ્યા છે. તેના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે આનો સવાલ જ ઊભો થતો નથી.સરકારની ટીપ્પણી ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું હતું કે વિધાનસભાએ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ સંમતિની ઉંમર અંગે ચર્ચા કરવી જોઈએ તેના થોડા દિવસો પછી આવી છે. જણાવી દઈએ કે પોસ્કો એક્ટ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે 'રોમેન્ટિક' સંબંધોમાં પણ સહમતિથી સેક્સને અપરાધ ગણવામાં આવે છે.સીજેઆઈએ આ ટિપ્પણી એ પૃષ્ઠભૂમિને કારણે આપી છે કે જેમાં તાજેતરના ભૂતકાળમાં આવા ઘણા મામલા સામે આવ્યા છે, જેમાં માંગ કરવામાં આવી હતી કે 'રોમેન્ટિક સંબંધો'ને ગુનાની શ્રેણીમાં ન લાવવા જોઈએ. ઈરાનીએ આના પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે બાળકોને જાતીય ગુનાઓથી બચાવવા માટે પોસ્કો એક્ટ ૨૦૧૨માં લાવવામાં આવ્યો હતો. આ કાયદો ૧૮ વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ બાળકને રક્ષણ આપે છે. તેમણે કહ્યું, 'પોક્સો એક્ટમાં ૨૦૧૯માં સુધારો કરવામાં આવ્યો હતો, જેમાં આ કાયદામાં મૃત્યુદંડ જેવી ગંભીર સજાની જોગવાઈ પણ ઉમેરવામાં આવી હતી. આવું એટલા માટે કરવામાં આવ્યું હતું જેથી બાળકો સામે થતા જાતીય અપરાધોને રોકી શકાય.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "બાળક દ્વારા આચરવામાં આવેલા ગુનાના કિસ્સામાં,પોસ્કો એક્ટ હેઠળ કલમ ૩૪ પહેલેથી જ સ્પેશિયલ કોર્ટ દ્વારા વય નિર્ધારિત કરવાની પ્રક્રિયાની જોગવાઈ કરે છે જ્યાં બાળક દ્વારા ગુનો કરવામાં આવ્યો હોય." જ્યાં કોઈ પ્રશ્ન ઉદ્ભવે છે. કોઈપણ વ્યક્તિ બાળક છે કે કેમ તે અંગેની કોર્ટ સમક્ષની કોઈપણ કાર્યવાહી, આવા પ્રશ્નનો નિર્ણય સ્પેશિયલ કોર્ટ દ્વારા આવી વ્યક્તિની ઉંમર અંગે પોતાને સંતોષ્યા પછી કરવામાં આવશે.

# વર્ષ ૨૦૨૫માં આયોજીત કુંભ મેળા પહેલા ગંગાને અવિરલ નિર્મલ કરવાનો સંકલ્પ કરવો પડશે : યોગી આદિત્યનાથ

લખનૌ,તા.૨૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં આયોજિત થનાર કુંભ મેળા પહેલા ગંગાને અવિરલ નિર્મલ કરવાના સંકલ્પને પુરો કરવો પડશે મુખ્યમંત્રીએ નમામિ ગંગે પરિયોજનાના અમલની સમીક્ષા કરતા અધિકારીઓને કહ્યું કે ગંગાનો સૌથી મોટા પ્રવાહ ક્ષેત્ર ઉત્તરપ્રદેશમાં છે આ આપણી આસ્થાનું કેન્દ્ર તો છે જ આ સાથે જ અર્થવ્યવસ્થાનો મોટો આધાર પણ છે.ગંગા અને તેની સહાયક નદીઓને અવિરલ નિર્મલ બનાવવાના સંકલ્પની સાથે જારી નમામિ ગંગે પરિયોજનાના સંતોષજનક પરિણામ જોવા મળ્યા છે. તેમણે કહ્યું કે પ્રયાગરાજ કુંભ ૨૦૨૫ શરૂ થતા પહેલા સુધી ગંગાને અવિરલ નિર્મલ બનાવવાનો સંકલ્પ પુરો કરવો પડશે.નદીઓને સીવરેજની ગંદકીથી બચાવવા અને તેના પાણીને દુષિત થતા રોકવા માટે સીવરેજ ટ્રીટમેંટ પ્લાન્ટ(એસટીપી) લગાવવાની કાર્યવાહીમાં તેજી લાવવામાં આવે.

બેઠકમાં યોગીએ કહ્યું કે અર્થ ગંગા અભિયાનનો સૌથી વધુ લાભ તે કરોડો લોકોને મળશે.જેમની આજીવિકા ગંગા પર જ નિર્ભર છે.અર્થ ગંગાથી સકલ ધરેલુ ઉત્પાદમાં ત્રણ ટકાનું યોગદાન થવાના લક્ષ્યની સાથે આપણે યોગ્ય પ્રયાસ કરવા પડશે.નિષ્ણાંતોની સહાયતાથી તેને એક મોડલના રૂપમાં વિકસિત કરવા માટે પ્રયાસ કરવામાં આવે તેમણે કહ્યું કે કિસાનોની આવકમાં વધારો કરવા અને કીટનાશક રૂપી ઝેરથી મુકત ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજ્ય સરકાર ગંગાના બંન્ને કિનારા પર પાંચ પાંચ કિલોમીટર સુધી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરી રહી છે. યોગીએ કહ્યું કે ઉત્તરપ્રદેશના ૨૭ જીલ્લા ગંગાથી જોડાયેલ છે આ ઉપરાંત બુંદેલખંડના સાત જીલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.વર્તમાનમાં લગભગ ૮૫ હજાર હેકટર ભૂમિ પર પ્રાકૃતિક ખેતી થઇ રહી છે.યોગીએ ગંગાના કિનારે આવેલ તીર્થ ક્ષેત્રો અને એતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વના સ્થળોમાં પર્યટનની નવી સંભાવના શોધવાના નિર્દેશ આપ્યો તેમણે કહ્યું કે અહીં એડવેંચર ટુરિઝમ,વોટર સ્પોર્ટ ટુરિઝમની અપાર સંભાવનાઓ છે અમે અહીં રિવર ક્રુઝ ટુરિઝમ વોટર સ્પોર્ટ કેપિંગ સુવિધાઓની સાથે વન્ય જીવ પર્યટનના મોડલને વિકસીત કરવો જોઇએ યોગીએ આગામી ૩૦ ડિસેમ્બરને પ્રસ્તાવિત દ્વિતીય રાષ્ટ્રીય ગંગા પરિષદની બેઠકની તૈયારીઓ સમયથી પુરી કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો

## મોદી સરકારે કાશ્મીર પંડિતોની વાપસી માટે યોજના તૈયાર

# કાશ્મીરના ૧૦ જીલ્લામાં પ્રારંભિક સ્તર ઉપર ૧૬૦૦થી વધુ ઘર તૈયાર કરવામાં આવશે

**૧૯૮૯માં કાશ્મીરમાં આતંકવાદ શરૂ થવાની સાથે જ લાખો કાશ્મીરી પંડિત પોતાના ઘર બાર અને જમીન જાયદાદ છોડી અહીંથી પલાયન થઇ ગયા હતાં**

નવીદિલ્હી,તા.૨૨

જે આતંકના ભયથી કાશ્મીરી પંડિતોના ઘર ઉજડી ગયા અને ભયના કારણે કાશ્મીરી પંડિતોને પલાયન કરવું પડયું અને જે આતંકની ખરાબ યાદો આજે પણ કાશ્મીરી પંડિતોને સતાવી રહી છે.હવે દાયકાથી કાશ્મીરમાં ચાલી રહેલ તે આતંક અને આતંકીઓનો અંત પણ એજ કાશ્મીરી પંડિતોના હાથોથી જવા થઇ રહ્યો છે. મોદી સરકારે જમ્મુ કાશ્મીરમાં પંડિતોની વાપસીની એવી યોજના તૈયાર કરી છે જે બાદ કાશ્મીરમાં આતંક પુરી રીતે અંતિમ સંસ્કાર થઇ જશે હવે કાશ્મીરી પંડિત ભય વિના પોતાની જન્મભૂમિમાં જીંદગી પસાર કરી શકશે

કાશ્મીરી પંડિતોની ઘર વાપસીના પ્રયાસો મોદી સરકારે તેજ કરી દીધુ છે.તેના માટે કાશ્મીરના ૧૦ જીલ્લામાં પ્રારંભિક સ્તર ઉપર ૧૬૦૦થી વધુ ઘર તૈયાર કરાવવામાં આવી રહ્યાં છે.કાશ્મીરના બાંદીપોર,કુપવાડા શોપિયન શ્રીનગર અને ગાંદેરબલમાં ઝડપથી આવાસોને અંતિમ રૂપ આપવાનું કામ ચાલી રહ્યું છે.આતંકીઓની ધમકી ઓ અને ટારગેટ કિલિંગ છતાં ગાંદેલરબલમાં નિર્માણનું કામ જારી છે ગાંદેરબલમાં ત્રણ બ્લોક પુરી રીતે તૈયાર થઇ ગયા છે.આગામી ત્રણ મહીનામાં બાકી બ્લોક પણ તૈયાર થઇ જશે

કાશ્મીર પંડિતો માટે બનાવવામાં આવી રહેલ આ કોલોનિઓના અહેવાલથી કાશ્મીરી મુસલમાનોમાં પણ ખુશીની લહેર છે.તેમનું કહેવુ છે કે કાશ્મીરી પંડિત પાછા ફરશે તો દિલથી તેમનું સ્વાહતક કરવામાં આવશે.એ યાદ રહે કે ૧૯૯૦ના દાયકામાં પલાયન કરી ચુકેલ કાશ્મીરી પંડિતોને ફરીથી કાશ્મીરમાં વસાવવા માટે સરકારે ૧૦ જીલ્લામાં ટ્રાંજિટ કેમ્પ બનાવવાનું કામ તેજીથી શરૂ કરવામાં આવ્યું છે.ગાંદેરબલના વન્ધમા વિસ્તારમાં અનેક એકર જમીન પર કાશ્મીરી પંડિતો માટે એક કોલોની બનાવવામાં આવી રહ્યાં છે. આ કોલોનીમાં ૧૨ બ્લોક બની રહ્યાં છે દરેક બ્લોકમાં ૧૬ સેટ બનાવવામાં આવશે

ગાંદેરબલ ઉપરાંત કાશ્મીરના બાંદીપોરા બારામુલા અને પુલવામા અને શોપિયાંમાં પણ કાશ્મીરી પંડિતો માટે આ રીતના ઘર બનાવવામાં આવી રહ્યાં છે.શ્રીનગરના જેવનમાં લગભગ ૧૨.૫ એકર જમીન પર ઘનાવવામાં આવી રહ્યાં છે.શ્રીનગરના નાયબ કમિશ્નર અનુસાર જેવન વિસ્તારમાં માઈગ્રેટેડ કર્મચારીઓ માટે લગભગ ૧૧ જમીન એલોટેડ છે અને ૧૨૪ કરોડના ખર્ચે સરકાર તેમના રહેવા માટે ટ્રાંસિટ કેમ્પ તૈયાર કરવામાં આવ્યા છે.ધીરે ધીરે એલોટમેંટનું કામ કરવામાં આવી રહ્યું છે.સુરક્ષાની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

તાજેતરમાં કાશ્મીરી પંડિ,તો પર થયેલ હુમલા અને આતંકી સંગઠનો તરફથી મળેલી ધમકીઓ છતાં આ કોલોનીઓમાં કામ તેજીથી કામ ચાલી રહ્યું છે.તેને પુરી કરવાની ડેડલાઈન ૬ મહીના રાખવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હા ખુદ ઘાટીમાં બની રહેલ ૧૬૮૦ આવાસોના નિર્માણની મોનીટરિંગ કરી રહ્યાં છે. જેથી અહીં લોકોને તાકિદે વસાવી શકાય.

એ યાદ રહે કે ૧૯૮૯માં

## તંત્રી સ્થાનેથી...

# ચીનમાં કોરોના વિસ્ફોટ



ત્રણ વર્ષ પહેલાં કોવિડ-૧૯એ સૌથી પહેલાં ચીની શહેર વુહાનમાં ત્રાહિમામ મચાવ્યો હતો અને ત્યારે તેને દુનિયાથી છૂપાવીને ચીને જે અક્ષમ્ય અપરાધ કર્યો હતો, તેના માટે ઈતિહાસ ક્યારેય તેને માફ નહીં કરે, પરંતુ આ સમયે ત્યાં ઓમીક્રોન વાયરસની નવી લહેરથી જે સ્થિતિ બની છે, તે ખરેખર ધ્રુજાવી દે તેવી છે. દુનિયા આ દર્દ ભોગવી ચૂકી છે. ચીનથી જે સમાચારો કે તસવીરો આવી રહ્યા છે તે દર્શાવે છે કે ચીનની હોસ્પિટલોમાં જગ્યા નથી રહી અને કબ્રસ્તાનો આગળ લાઈનો લાગી રહી છે. એવામાં આપણે ગંભીર ચિંતન કરવું જોઈએ. હાલતની ગંભીરતાનો અંદાજ એ વાતે લગાવી શકાય છે કે અમેરિકાએ વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકનના નેતૃત્વમાં એક પ્રતિનિધિ મંડળ ચીન મોકલવાનો નિર્ણય કર્યો છે. એ જરૂરી છે, કારણ કે ચીન ઘણી બધી માહિતી હજુ પણ આપતું નથી. છેલ્લા ત્રણ વર્ષમાં મહામારીથી મરનારની સત્તાવાર સંખ્યા તે ૫૨૪૨ જ જણાવે છે, પરંતુ તેના જ દ્વારા શાસિત નાનકડા હોંગકોંગમાં મૃતાંક ૧૧ હજારની ઉપર છે.

કોવિડ મહામારીને કારણે દુનિયાની અર્થવ્યવસ્થા પહેલાં જ બહુ ખરાબ સ્થિતિમાં હતી. તેમાંથી ઉગરવાની માંડ શરૂઆત થઈ હતી, ત્યારે જ રશિયા-યુક્રેન યુદ્ઘે તેને વધુ ગર્તમાં ધકેલી દીધી. આ યુદ્ઘે પૂરવઠા શૃંખલાને ઘણું નુક્સાન પહોંચાડ્યું છે અને હવે જ્યારે વૈશ્વિક કાર્ય-વ્યાપારને પાટા પર લાવવાની કવાયત જોર પકડવા લાગી હતી, ત્યારે એક વખત ફરી ચીનથી નિરાશ કરનારા અહેવાલો આવવા શરૂ થઈ ગયા છે. ચીન દુનિયાની બીજી મોટી અર્થવ્યવસ્થા છે અને તેના ધ્વસ્ત થવાની અસર પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે તમામ દેશો પર પડશે. તેથી આશા એ જ રાખવી જોઈએ કે ચીન આ સંક્રમણ પર વહેલી તકે નિયંત્રણ મેળવી લે, કારણ કે આ સંક્રમણ બીજા એશિયાઈ દેશોમાં ફેલાવાથી વિશ્વ અર્થવ્યવસ્થા પર બહુ ઘાતક પ્રભાવ પડી શકે છે. ભારત સરકાર અને આપણા સ્વાસ્થ્ય વિશેષજ્ઞ ચીનની સ્થિતિ પર તી-ણ નજર રાખી રહ્યા છે અને એ સંતોષની વાત છે કે વ્યાપક રસીકરણ અભિયાન દ્વારા ૯૮ ટકાથી વધુ લોકોનું પૂર્ણ રસીકરણ કરાવી લેવામાં આવ્યું છે. પરંતુ કોઈપણ મહામારીના જોખમને ઓછું ન આંકવું જોઈએ. ત્યારે તો ખાસ, જ્યારે તેની કેટલીય લહેરો આવવાનો અંદેશો હોય. તેથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રોટોકોલ અનુસાર તમામ સતર્કતાની વ્યવસ્થા કરવાની જરૂર છે. કોવિડ-૧૯ બાદ લોકોના સ્વાસ્થ્યમાં જે પણ બદલાવ અનુભવાઈ રહ્યા છે, તેના ગહન અધ્યયનની જરૂર છે. ચીન આજે પોતાની અપારદર્શિતાની કિંમત ચૂકવી રહ્યું છે. દુનિયાના દેશોએ તેનાથી બોધપાઠ લેતાં મહામારી સંબંધી પોતાની આગામી તૈયારીઓ કરવી જોઈએ.

---

તા.૨૨ ડીસેમ્બર-૨૦૨૨ એટલે "રાષ્ટ્રીય ગણિત દિવસ" ભારત ના વિખ્યાત ગણિતશાસ્ત્રી શ્રી શ્રીનિવાસ રામાનુજન નાં જન્મ દિવસ. ગણિત વિષય ને બનાવવા સમજવા માટે પહેલાં નાં સમય માં આર્યભટ્ટ, બ્રમ્હગુપ્ત, મહાવીર, ભાસ્કર વગેરે જેવા મહાન પુરૂષો એ મહત્વ ની ભૂમિકા ભજવી હતી. તેમાંના એક મહાપુરૂષ શ્રી નિવાસ રામાનુજન જેણે નાની ઉમર માં ગણિત ક્ષેત્રે પોતાનું સવિશેષ યોગદાન આપ્યુ છે.

તા.૨૨/૧૨/૨૦૨૨ રાષ્ટ્રીય ગણિત દિવસ નાં અનુસંધાને "આર્યભટ્ટ " લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી ખાતે આપની પસંદગી ની ગણિત ની કોઈપણ એક રીત -પ્રમેય સિધ્ધાંત કે સમીકરણો સમજાવો સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં મોરબી -ટંકારા ની જુદી જુદી શાળાઓ નાં વિધાર્થીઓ શિક્ષકમિત્રો તથા વાલીઓ એ ભાગ લીધો હતો

સ્પર્ધા સવારે ૧૦=૦૦ થી ૫=૦૦ દરમ્યાન આયોજન કરવા માં આવેલ

રાષ્ટ્રીય ગણિત દિવસ ની સ્પર્ધા માં ભાગ લીધેલ બધાજ સ્પર્ધકો ને સિલ્ડ,પ્રમાણપત્ર તથા સ્કૂલ બેગ, પેડ , કંપાસ બોક્સ, નોટબુક તથા પેન આપવા માં આવેલ .

'આર્યભટ્ટ' લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી આ સ્પર્ધા માં ભાગ લેવાં બદલ સ્પર્ધક મિત્રો ને ખુબ ખુબ અભિનંદન.

આભાર સહ ધન્યવાદ

એલ.એમ.ભટ્ટ- દિપેનભાઈ ભટ્ટ

"ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર" પ્રેરિત

'આર્યભટ્ટ' લોક વિજ્ઞાન કેન્દ્ર, ધી વી.સી.ટેક.હાઈસ્કૂલ રૂમ નં ૨૦૨ મોરબી

---

ખોટા

હું મોકલીશ તો તમે કહેશો ખોટા,
તમે મોકલો એ બસ તમારો ફોટા.
સાથે હર્યા,સાથે ફર્યા, એક થયા,
કહો પ્રેમમાં કયાં હોય છે નફોતોટા.
મને ગમ્યો,તમને ગમ્યો,એમને શું?
જાલિમે પ્રેમનો પીસી નાંખ્યો ટોટા.
સનમે સઘળું ફનાફાતિયા કર્યું છે,
હવે જે ગણો એ ઘર છે કે ઓટા!!
મુશ્કેલીમાં મુખ સિવાઈ જાય છે ને,
પછી ગામ ગજવી કરે છે હાંકોટા!!
છપ્પન ઈંચની છાતીનો દાવો કરી,
માશીબાની જેમ પાડે છે તાબોટા!!
ભરત વૈષ્ણવ
૨૨.૧૨.૨૦૨૨.

---

# રમતમાં ઉતમ પ્રદર્શન માટે ઉપવાસ કરો, પ્રાર્થના કરો. કિરપા કાયમ રહેંગી.!!!નહીંતર બાબાજી કા ઠુલ્લું છે જ!!

ડૂબતો માણસ બચવા તરણું ઝાલે તેવી આપણે ત્યાં કહેવત છે. તમે ધસમસતા પાણીમાં તણાઇ રહ્યા હોવ તો ઝાડનું થડ પણ તમને ડૂબતા બચાવી ન શકે. આ સંજોગોમા્ તરણું કેવી રીતે બચાવ કામગીરી કરી શકે ? એમ પણ કોઇ નિર્દોષ શંકા-કુશંકા કરતું નથી. શ્રધ્ધા અને અંધશ્રદ્ધાના ઝૂલતા પૂલ પર આપણે ઝૂલીએ છીએ. મોરબીના ઝૂલતા પૂલની જેમ શ્રધ્ધા કડડભૂસ કરતી તૂટી પડે છે.

વિજ્ઞાન અને ઘર્મ એકમેકના પૂરક છે? એકમેકના દુશ્મન છે? એકમેકના શું છે? તેની ખબર પડતી નથી. બંને વચ્ચેની ભેદરેખા હેર ક્રેક જેવી પાતળી અને સૂક્ષ્મ છે!! વિજ્ઞાન ઘર્મનો વિરોધ કરે છે. દલીલો, પ્રમાણો અને તથ્યોને ચકાસે છે અને તમામ પ્રક્રિયાના અંતે પ્રમાણભૂત તથ્યો, સિધ્ધાંતોનું સર્જન કરે છે!! મોટાભાગના ઘર્મોમાં ચમત્કાર ,મિથ,અંધશ્રદ્ધા વિપુલ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે!!

ઉપવાસની જ વાત કરીએ તો બધા ઘર્મોમાં ઉપવાસનું બાહુલ્ય અને પ્રાધાન્ય સર્વે સ્વીકૃત છે. ઉપવાસ કરવાની પધ્ધતિ અલગ અલગ છે!! આપણે ત્યાં છોકરીને શૈશવથી સારો વર ( અરે સુવર ન કહેવાય!) મળે તે માટે કુંવારકા વ્રત,,ફૂલકાજળી, કેવડા ત્રીજને અને ન જાણે કેવા અને કેટલા વાર વરતોલા કરવા પડે છે. માનો કે છોકરી માટે લગ્નની અંતિમ લક્ષ્ય છે. છોકરીઓનો જન્મ માત્ર લગ્ન કરવા માટે થતો નથી એ સત્ય ઈરાદાપૂર્વક વિસારી દેવામાં આવે છે.,છોકરીને પોતાની ઈચ્છા , પાંખો, આસમાન છે. તેને આસમાનમાં વિહરવાનો હક્ક છે. ખુદની કારકિર્દીને કુમ્ભકાર જેમ ઘડાને આકાર આપે તેમ આકાર આપવાનો હક્ક છે. છોકરી ઉતમ કેળવણી પામે, સ્વાશ્રયી થાય તે માટે એક વ્રત ઉમેરવાનું કોઈને સૂઝતું નથી!!! સમાજમા્ છોકરીનો સાથેના ગુનાઓમાં આરોપી દ્વારા લગ્નની લાલચ આપીને ન કરવાનું કરવામાં આવે છે. છોકરીઓના દિમાગમાં બળજબરીથી ઘુલાડવામાં આવેલ અનિષ્ટ છે. સામાપક્ષે છોકરો સારી કન્યા પત્ની તરીકે મળે તે માટે એક પણ વ્રત કરતા નથી. છતાં ભંગારિયાને અપ્સરા જેવી પદ્મિની કયા માપદંડના આધારે મળે છે તો પણ એક સળગતો સવાલ છે!!

લોકો નોકરી મેળવવા, બઢતી મેળવવા, બદલી કરાવવા , બદલી અટકાવવા,, કવાર્ટર મેળવવા, છોકરી મેળવવા, સંતાન મેળવવા વગેરે કેટકેટલા કારણોસર ઉપવાસ રાખે છે. ઉપવાસ એ આત્માનો ખોરાક છે તેવું કહેવામાં આવે છે. ઉપવાસનો ઢોલ પિટવામાં્? આવે છે!! જૈનાના ઉપવાસ ( એમાં પણ બહેનાના વસ્ત્રો જેવી વેરાયટી હોય છે. જેમ કે અઠાઇ, માસક્ષમણ,,એકાસણું , ઓળી વગેરે. આ ઉપવાસ આકરા પાણીએ હોય છે. જેમાં ગરમ કરેલ સૂંઠવાળું પાણી જ વાપરવાનું હોય છે. સૂર્યાસ્ત પછી પાણી પણ પી ન શકાય!! મુસલમાનો રમઝાનત્રાં રોજા રાખે છે. જેમાં થૂંક પણ ગળે ઉતારી શકાય નહીં. બાકીના ઉપવાસ એ ચેઇન્જ ઓફ ફૂડ છે!!?આડા દિવસે ઉપલબ્ધ વાનગી કરતાં ઉપવાસના દિવસે વિપુલ પ્રમાણમાં ફરાળી વાનગી ઉપલબ્ધ હોય છે!!!

આપણી ફરાળી વાનગીને લીધે ઉપવાસ બદનામ છે!!!

કોઇ ખેલાડી ખેલમાં ઈચ્છિત સફળતા મેળવવા તનતોડ મહેનત કરે છે. ઉતમ તાલીમ, શ્રેષ્ઠ કોચ દ્વારા આધુનિક અને વૈજ્ઞાનિક ઢબની તાલીમ, સંતુલિત પોષક આહાર, ખેલદિલી, કુલ એપ્ટિટ્યુડ અને એટિટ્યુડ જરૂરી છે.ખેલાડી વ્યકિતગત કે સોલો ઈવેન્ટમાં સ્વર્ણપદક મળે તેવી ઈચ્છા રાખે તેમાં ખોટું પણ નથી. મહત્વાકાંક્ષા વિનાનો માણસ મમરાની બોરી સમાન છે!! ખેલાડી રમતમાં ઝળહળતી સફળતા મેળવે તે માટે ખેલાડી, માવતર, શુભેચ્છકો પ્રાર્થના કરતા હોય છે. દુવા અને દવાની સોલિડ અસર થાય છે!!ખેલાડી કે પરિવાર ઉપવાસ રાખે તેવું ક્યાંય સાંભળ્યું નથી!!

દક્ષિણ આફ્રિકાના ઘાના દેશે ગજબ કરી નાંખ્યો દર તાર વરસે ફૂટબોલનો મહાકુંભ ફીફા વર્લ્ડ કપ યોજાય છે. ખરા અર્થમાં વર્લ્ડ કપ છે. ક્રિકેટ વર્લ્ડ કપમાં દુનિયામાં પંદરેક દેશો જ ભાગ લે છે. ક્રિકેટ તો જેન્ટલમેન ગેમ કહેવાય છે. પરંતુ ફૂટબોલ તો હિંસા, મારધાડ,,ઉતેજનાભરેલી ગેમ છે!! પ્રેક્ષકોની ચિચિયારી બિયર-લાઈનની તુક્કાઓ મેચને લાજવાબ બનાવે છે. કતાર ફૂટબોલ વર્લ્ડકપની યજમાની કરી રહ્યું છે.ઘાનાનો ફૂટબોલનો રેક ૬૧ છે. ઘાના કવોલિફાઈંગ મેચમાં નાઈજિરીયાને હરાવીને વર્લ્ડ કપમા્ રમવા માટે કવોલિફાઇ થયું છે. જો કે ઘાનાનો પથ કંટકભર્યો છે.કેમ કે,૨૦૨૨ માં ઘાના ૧૨ મેચો રમ્યું. તેમાથી દસમાં હાર મળી હતી અને માત્ર મહેમાન બે મેચોમાં નિકારાગુઆ અને મડાગાસ્કર સામે જીત મળી છે.ઘાનાની ટીમ આફ્રિકા કપ ચાર વાર જીત દર્જ કરી ચૂકી છે. પછી તેનું પ્રદર્શન સાતત્યસભર સતત કથળતું રહ્યું છે. ઘાનાની ટીમની નિષ્ફળતાનું ઠીકરું કોચ રાજીવેક પર ફોડ્યું છે. જેને હટાવીને ઓટો એડોનને કોચ બનાવ્યો છે. છતાં, ઘાનાની ટીમનું પ્રદર્શન સુધર્યું નથી. ફીફા કપમાં ઘાના અપેક્ષિત પ્રદર્શન કરે તે માટે ઘાનાની સરકારે રાષ્ટ્રીય ઉપવાસ અને પ્રાર્થના દિવસો નક્કી કર્યા છે. ખ્રિસ્તી લોકો રવિવારે અને મુસ્લિમો શુક્રવારે ઉપવાસ-પ્રાર્થના કરશે!! ઘાના ફૂટબોલ એસોસિએશન પણ સંમતિ આપી છે!!!લાગે છે કે રમતમાં પ્રદર્શન માટે કોચિંગ, પ્રેકટિસ, સ્ટ્રેટેજી, માસ્ટર -મેક્રો પ્લાન, ખેલાડીની ગોલ કીપર, ડિફેન્ડર, મીંડ ફિલ્ડની કુશળતા, સામેની ટીમના ફાઉલને કારણે મળેલ પેનલ્ટી શૂટઆઉટને ગોલમાં ફેરવવાની પગોટી ( પગોટી શબ્દ સાંભળી ચોંકશો નહીં. હાથ પરથી હથોટી હોય તો પગના કૌશલ્યની માસ્ટરીન્ પગોટી કેમ ન કહેવાય?), એકાગ્રતા , દ્રઢ નિર્ણય-નિશ્ચયની લગીરે જરૂર નથી.બધા સ્ટેડિયમ, સ્પોર્ટસ ઈન્સ્ટિટયુટ, કોચિંગ સેન્ટર, એકસલન્સ સેન્ટર, ડાયેટ સેનેટરને ખંભાતી તાળા લગાવી દો!! ટીમના ઉતમ પ્રદર્શન માટે ઉપવાસ કરો, પ્રાર્થના કરો. કિરપા કાયમ રહેંગી. નહીંતર બાબાજી કા ઠુલ્લું છે જ!! દિલ બહેલાવવા ખ્યાવી પુલાવ હસીન હૈ!! જય શેખચલ્લી. જય ઘાના! જય ઉપવાસ-પ્રાર્થના !! જય ફૂટબોલ!! જય ફિફા કપ!!

ભરત વૈષ્ણવ
૨૨.૧૨.૨૦૨૨.

# ૨૩ ડીસેમ્બર, "રાષ્ટ્રીય કિસાન દિવસ"

"ચીલચીલાતી ધુપ મેં ભી તેરે કદમ નહિ રુકતે; પેડ કા આશ્રય હી તેરા મકાન હોતા હૈ,

તેરે ખૂન પસીને સે ધરતી ઉગલતી હૈ સોના, અંધેરી રાત હો યા ઠુઠરાતી ઠંડ; હર દિન તેરા ઈમ્તિહાન હોતા હૈ."

દર વર્ષે ૨૩ ડીસેમ્બરને "રાષ્ટ્રીય કિસાન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જે ભારત દેશનાં પાંચમા પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહની યાદમાં ઉજવવામાં આવે છે. ચૌધરી ચરણસિંહનો જન્મ ૨૩ ડિસેમ્બર, ૧૯૦૨નાં રોજ હાપુર ખાતે થયો હતો. તે એક ખેડૂતનાં દીકરા હોવાથી તેમને ×ધરતી પુત્ર× તરીકે ઓળખવામાં આવે છે. તેઓ 'કિસાન કા મસિહા' અને 'ખેડૂતોના નેતા' તરીકે પણ જાણીતા હતા. તેઓ ૨૮ જુલાઈ, ૧૯૭૮ થી ૧૪ જાન્યુઆરી, ૧૯૮૦ સુધી પ્રધાનમંત્રી રહ્યા હતા. પોતાના કાર્યકાળમાં ખેડૂતોના જીવનને સુધારવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા.

આ સાથે અનેક કૃષિ બિલો રજૂ કર્યા હતા. ખેડૂતો માટે તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું. ૨૯ મે ૧૯૮૭ ના રોજ ન્યુ દિલ્હી ખાતે તેનું અવસાન થયું હતું. તેના સમાધિ સ્થળને 'કિસાન ઘાટ' તરીકે પણ ઓળખાય છે.



વર્તમાન સમયમાં જગતનાં તાત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તેમજ ગૌ આધારિત ખેતી પ્રત્યે જાગૃત કરવાની ખુબ આવશ્યકતા છે જેથી કરીને તે પોતાના ઉત્પાદનોને શુદ્ધ, સાત્વિક બનાવી શકે અને તેની સારી કિંમત ઉપજાવી શકે. ગૌ આધારિત ખેતી માત્ર આવક માટે જ નહીં પરંતુ વિશ્વની ખાદ્ય સુરક્ષા અને સમાજને સ્વસ્થ રાખવા માટે પણ જરૂરી છે.

ખેડૂતોને મદદ મળી રહે અને 'ખેતી' જળવાય રહે તે માટે ખેડૂતોને પાક/ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તેનું ધ્યાન રાખવું જોઈએ, પાણી માટે સુદ્રઢ વ્યવસ્થા કરીયે જેથી પાણીના અભાવે ખેતીને નુકસાન ન થાય, સાંપ્રત સમયમાં ખેડૂતને કુદરતી ખાતરના ઉપયોગ, વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવા ઉત્તેજન આપીએ, સજીવ ખેતી, ગૌ આધારિત ખેતી જેવી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન પૂરું પાડીએ. આ માટે સમયાંતરે ખેડૂતો માટે માર્ગદર્શન શિબિરો પણ યોજી શકાય છે જેથી તેમને પડતી મુશ્કેલી, તકલીફોનું નિવારણ કરવા સરળતાથી થઈ શકે અને દેશ હરિયાળી ક્રાંતિ લાવવા સક્ષમ બને. ? "ચીલચીલાતી ધુપ મેં ભી તેરે કદમ નહિ રુકતે; પેડ કા આશ્રય હી તેરા મકાન હોતા હૈ,

તેરે ખૂન પસીને સે ધરતી ઉગલતી હૈ સોના, અંધેરી રાત હો યા ઠુઠરાતી ઠંડ; હર દિન તેરા ઈમ્તિહાન હોતા હૈ."

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ઓમ પ્રકાશ રાજભર ફરીથી પોતાના પૂર્વ સાથી ભાજપની નજીક આવી રહ્યાં છે

## રાજભરને અટલ બિહારીબાજપાઈ ફાઉડેશનના ઉપાધ્યક્ષ નિયુકત કરવામાં આવ્યા

લખનૌ,તા.૨૨

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (એસબીએસપી)ના પ્રમુખ અને ઉત્તરપ્રદેશના પૂર્વ મંત્રી ઓમ પ્રકાશ રાજભર પોતાની પૂર્વ સાથી ભાજપની નજીક આવી રહ્યાં છે.તેનો એક સંકેત ત્યારે મળ્યો જયારે નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે રાજભરને અટલ બિહારીબાજપાઇ ફાઉડેશનના ઉપાધ્યક્ષ નિયુકત કરવામાં આવ્યા પાઠક ફાઉડેશનના પ્રમુખ છે અને ત્યારબાદ રાજભરે ફાઉડેશનની બેઠકમાં ભાગ લીધો.રાજભરે કહ્યું કે આ એક બિન રાજનીતિક કાર્યક્રમ છે. તેમણે કહ્યું કે આ કોઇ રાજનીતિક મંચ નથી અને અમે રાજનીતિક લોકો છીએ તેને અલગ રીતે જોવા જોઇએ નહીં ઉત્તરપ્રદેશના મંત્રી દયા શંકર સિંહે કહ્યું કે એસબીએસપી અધ્યક્ષ વૈચારિક રીતે ભાજપની નજીક હતાં.

જાણકારી અનુસાર સિંહે કહ્યું કે રાજભર ભાજપના જુના સાથી છે.તે ભાજપ સરકારમાં મંત્રી રહી ચુકી છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની વિચારધારાને આગળ વધારી રહ્યાં છે.તેમણે કહ્યું કે રાજનીતિમાં કંઇ પણ થઇ શકે છે રાજનીતિમાં કોઇ કાયમી દોસ્ત કે દુશ્મન હોતુ નથી સમય અને પરિસ્થિતિઓના હિસાબથી નિર્ણય લેવામાં આવે છે. જયા શંકર સિંહ પહેલા દાવો કરી ચુકયા છે કે રાજભર તેમના મિત્ર હતાં અને એસપીએસપી મુખ્યને તે સમયના યુપી ભાજપ પ્રમુખ સ્વતંત્ર દેવ સિંહથી મળવા પણ લઇ ગયા હતાં.

રસપ્રદ વાત એ છે કે તાજેતરના દિવસોમાં રાજભર ખુલી રીતે સપા નેતૃત્વની ટીકા કરતા જોવા મળી રહ્યાં છે. તેમણે યોગી આદિત્યનાથને નેક ઈરાદા વાળા નેતા ગણાવ્યા છે.

સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના અધ્યક્ષ ઓમ પ્રકાશ રાજભર એક પછાત નેતા છે જેમનો પૂર્વ યુવીના જીલ્લામાં પ્રભાવ છે તેમણે ભાજપની સાથે ગઠબંધનમાં રાજયમાં ૨૦૧૭ની વિધાનસભા ચુંટણી લડી હતી અને આ વર્ષની વિધાનસભા ચુંટણીઓમાં સપાના નેતૃત્વવાળા ગઠબંધનમાં સામેલ થતા પહેલા યોગી આદિત્યનાથના નેતૃત્વવાળી પહેલી સરકારમાં મંત્રી પણ હતાં જેમાં તેમની પાર્ટીએ છ બેઠકો જીતી હતી રાજયમાં ભાજપની ફરી સત્તામાં આવ્યા બાદથી રાજભરને સત્તારૂઢ પક્ષની સાથે ગઠબંધન કરવા માટે ઝુકાવ જોવા મળી રહ્યો છે.

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૫ નવા કેસ, દેશમાં ૩,૪૦૨ એક્ટિવ કેસ

નવીદિલ્હી,તા.૨૨

ભારતમાં એક જ દિવસમાં કોરોના વાયરસના સંક્રમણના ૧૮૫ નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં અત્યાર સુધીમાં સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૪૬,૭૬,૫૧૫ થઈ ગઈ છે, જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ઘટીને ૩,૪૦૨ થઈ ગઈ છે. ગુરુવારે સવારે આઠ વાગ્યે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા અપડેટ ડેટા અનુસાર, દિલ્હીમાં ચેપને કારણે વધુ એક દર્દીના મૃત્યુ પછી, મૃત્યુઆંક વધીને ૫,૩૦,૬૮૧ થઈ ગયો છે.


કોરોના વાયરસ સંક્રમણની સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા ઘટીને ૩,૪૦૨ થઈ ગઈ છે, જે કુલ કેસના ૦.૦૧ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં છ કેસનો ઘટાડો નોંધાયો છે. આંકડા અનુસાર, ભારતમાં દર્દીઓના સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૮.૮૦ ટકા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૧,૪૨,૪૩૨ લોકો સંક્રમણ મુક્ત થયા છે, જ્યારે કોવિડ-૧૯થી મૃત્યુદર ૧.૧૯ ટકા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર, દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોવિડ-૧૯ વિરોધી રસીના ૨૨૦.૦૩ ડોઝ આપવામાં આવ્યા છે. નોંધપાત્ર રીતે, ૭ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ, ભારતમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ, ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ, ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી.

# રાહુલ ગાંધીની યાત્રામાં ભીડ જોઈને કેન્દ્ર ભયભીત, વિપક્ષી દળોએ સરકાર સામે ઉઠાવ્યા સવાલ

નવીદિલ્હી,તા.૨૨

ચીનમાં કોરોનાના કહેરની અસર ભારતમાં જોવા મળી રહી છે. છેવટે કોરોના ચીનથી જ વિશ્વમાં ફેલાઈ ગયો હતો. ચીનની ભયાનક પરિસ્થિતિને જોઈને ભારત સરકારે એડવાઈઝરી જાહેર કરી છે. - જો તમે ભીડમાં જાઓ તો માસ્ક પહેરો અને જો તમને બૂસ્ટર ડોઝ ન મળ્યો હોય તો તરત જ લઈ લો.



ભારતમાં મોટા ભાગના લોકોને પ્રથમ અને બીજો ડોઝ મળ્યો છે, પરંતુ અત્યારસુધી ફક્ત ૨૭% લોકોને જ બૂસ્ટર મળ્યો છે. સરકારે સમયસર ચેતવણીઓ આપીને સારું કર્યું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ દ્વારા આવતા લોકોને ક્વોરન્ટીન કરવા વિશે કશું કહ્યું નથી. જો આ અંગે કોઈ નીતિ બનાવવામાં આવશે તો મુશ્કેલીને આવતા અટકાવી શકાશે.

આપણે ગયાં વર્ષોમાં પ્રથમ અને બીજી લહેર દરમિયાન એનાં પરિણામો પણ ભોગવ્યાં છે. હા, કેન્દ્ર સરકારે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પર ચોક્કસ નિશાન સાધ્યું છે. આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાએ રાહુલ ગાંધીને પત્ર લખીને કહ્યું છે કે કોરોનાનું જોખમ દેખાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં તમારે ભારત જોડો યાત્રા રોકવી જોઈએ.એ બીજી વાત છે કે આ પત્ર લખ્યા ત્યાં સુધી સરકારે કોરોનાને લઈને કોઈ એડવાઈઝરી જાહેર કરી ન હતી. જ્યારે કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી દળોએ સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે કોઈ એડવાઈઝરી જાહેર કરવામાં આવી નથી તો તમે યાત્રા રોકવાનું કઈ રીતે કહી શકો?

વિપક્ષી દળોએ એમ પણ કહ્યું હતું કે રાહુલ ગાંધીની યાત્રામાં ભીડ ભેગી જોઈને કેન્દ્ર સરકાર ગભરાઈ ગઈ છે અને બુધવારે બપોરે સમગ્ર દેશ માટે એડવાઈઝરી જાહેર કરી કે માસ્કને પહેરો અને બૂસ્ટર ડોઝ લો.જ્યારે સત્તાધારી પક્ષ સભા કે રેલી કરે છે ત્યારે કોરોનાની કોઈ સાવચેતી આડે આવતી નથી. આવી સ્થિતિમાં સત્તાધારી પક્ષ કે સરકાર દ્વારા વિપક્ષનાં કાર્યો પર કોઈ ટિપ્પણી કરવામાં આવે તો સરકાર પર સવાલો ઉઠાવવા જરૂરી બની જાય છે.ચોક્કસ રાહુલ ગાંધી આટલી મોટી યાત્રા કાઢી રહ્યા છે તો કોંગ્રેસે પણ સાવચેત રહેવું જોઈએ અને આ યાત્રામાં સરકારની સૂચનાઓનું પણ ૧૦૦% પાલન કરવું જોઈએ, પરંતુ આરોગ્યમંત્રીએ તેમને પત્ર પણ લખીને યાત્રા રોકવાની સલાહ આપે તો એ એક આશ્ચર્યજનક ઘટના લાગે છે.તમે એડવાઈઝરી જાહેર કરી રહ્યા છો, તેથી તેનું પાલન અવશ્ય કરાવશે. યાત્રામાં કોઈ વ્યક્તિ પાલન ન કરે તો તેની સામે પગલાં લેવાનો પણ અધિકાર છે, પરંતુ યાત્રા રોકવાની સલાહ તમે કેવી રીતે આપી શકો છો, જ્યાં સુધી ગંભીર ઉલ્લંઘન ન દેખાય! વાસ્તવમાં આ પત્ર દ્વારા રાજકારણ થઈ રહ્યું હોવાનું વિપક્ષી નેતાઓનું કહેવું છે. વિપક્ષની દલીલ પણ સાચી લાગે છે, કારણ કે ભૂતકાળમાં પણ રેલીઓ અને સભાઓ થઈ છે, એના પર પ્રતિબંધ નહોતો તો પછી તમે આ યાત્રા કેવી રીતે રોકી શકો?

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS No.0081*
વિષય : આવી શુભ ઘડી
પ્રકાર : ગદ્ય
શીર્ષક : પ્રતીક્ષા શુભઘડીની
શબ્દો: ૩૪૪

૨૦૨૨ નું વર્ષ પૂરું થવામાં છે, લોકોએ નવાં વર્ષને વધાવવાની તૈયારી કરવા માંડી છે,૩૧ મી ડિસેમ્બરના જલસા સાથે. એનો ય કોઈ વાંધો લઈ વિવાદ છંછેડવો નથી , પણ નવા વર્ષે સ્વયંનું પૃથક્કરણ કરવાનું હોય છે. ‘ગત વર્ષ’ની ગણતરી માંડવાની હોય છે. સારપનો સરવાળો અને બૂરાઈની બાદબાકી કરવાની હોય છે. આમ કરતાં આનંદનું ઉદ્‌ઘાટન થાય તે ઘડી રળિયામણી છે.આજે સાહિત્ય સરિતાનું પ્રથમ સ્નેહ સંમેલન એ એક ઘરનાં પ્રસંગથી કમ નથી.

ઓશોએ કહ્યું છે કે, આત્માનો ઉત્સવ સાચો છે.ઉત્સવની ખોજ અભાવોમાંથી જ થઈ હશે.વર્ષના આ આખરી પખવાડિયામાં કોઈ નવી શરૂઆત કરી સાહિત્ય સરિતાની છોળ ઉડાડીએ જેનાં થકી ગુજરાતી સાહિત્યની આવરદા વધે.૨૪/૧૨/૨૨ના દિને યોજાનાર આ પ્રસંગે, એક પ્રણ લઈએ કે સંચાલક શ્રી પ્રદીપભાઈ અને મિનાક્ષીબહેનની અથાગ મહેનતનાં શ્રમ યજ્ઞમાં મહિનામાં ઓછામાં ઓછી બે કૃતિ મૂકી ઈંધણ પૂરીએ. એમાં મૂકાતી કૃતિઓ વાંચી જ્ઞાન સંવર્ધન કરીએ,કારણ કે લખવા માટે સમૃદ્ધ શબ્દ ભંડોળ હોવો જરુરી છે.

જેમને કદી નથી મળ્યાં એવા આપ્તજન સમ આ બેલડી સૌની અંગત કાળજી લઈ આપણને પોંખવા તત્પર છે એ કોઈ ઉત્સવ સમાન જ છે.સખી જયશ્રીબહેન પટેલ દ્વારા મારાં લેખ ,કવિતા છાપી પરિચયની શરૂઆત કરનાર , સહૃદયી પ્રદીપભાઈનો ફોન પર પરિચય જ એક અનોખી શુભ ઘડી.

આજે બિલાડીની ટોપની જેમ ઊગી નીકળેલ સામાયિક, વર્તમાનપત્રો સાથે હરિફાઈમાં ટકવું એ જ એક સ્પર્ધા સમાન હોય છે .આવે વખતે સુંદર વિષયો સાથે પર્યાપ્ત સમય આપનાર આ નિષ્ઠાવાન સંચાલક યુગલને નમન , જે સર્જકોની રચના ફોટો તથા નામ સાથે છાપે છે. મારો અને ઘણાંનો સ્વાનુભવ હશે જ કે પ્રખ્યાત વર્તમાનપત્ર કે જાણીતાં સામાયિકમાં એક કૃતિ છાપવા મોકલતા કેવો પ્રતિસાદ મળે છે.વળી ન છાપે તેનો કોઈ ખુલાસો નહીં અને મૌનમ્ પરમમ્ .

તેથી દેશ વિદેશમાં વંચાતા આ ન્યુઝ ઓફ ગાંધીનગરમાં સાહિત્ય સરિતાના સભ્ય હોવાનો ગર્વ અનુભવી મારાં સુજ્ઞ મિત્રો વધુ લખે એવી શુભ ઘડીની પ્રતીક્ષા છે. ૨૦૧૯થી ૪૦૦૦થી વધુ નવા તથા ખ્યાતનામ સર્જકોની કૃતિઓ પારદર્શક સંચાલક તરીકે છાપી એ જ જનયુગ અને ન્યુઝ ઓફ ગાંધીનગર પેપરની સાહિત્ય પ્રીતિ દર્શાવે છે.આવી અણમોલ તક વધાવી લેવા અને સાહિત્ય પ્રેમી સંચાલકને સાથ આપવા કશું જ નથી કરવાનું ,બસ ,કલમ ઉઠાવી,ઓહ,સોરી , ટેરવાંને અઠવાડિયામાં એક જ વાર કાર્યરત કરવાનાં છે..

આવી શુભ ઘડી ,વધાવીએ લળી લળી,
લાગે જાણે મોંઘેરો અવસર ,ઉજવીએ સૌ મળી!
#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS N0 : 109
શિર્ષક :- ઘડી /બાબુ સંગાડા ‘મહેક’
પ્રકાર :-પદ્ય

ગણી રહ્યો તો પળપળ શુભ ઘડી,
પગલા આવી ગયા ખળખળ ઘડી.
કલ્પના એની હતી જે અવસર બને,
આખો ઉત્સવ થયો દળદળ ઘડી.
ઓચિંતા જોયા ફરુંકો મારી ચાલતા;
અજવાશ વછૂટયો હળોહળ ઘડી.
પ્રત્યેક અંગ ફૂટી નીકળી વસંત મોહક,
હૈયે છલકી તરબતર ગળગળ ઘડી.
ઊતરી પડશે માવઠા જેમ કલ્પયું નો‘તું,
ધોધમાર વરસી પલળી ગયો વળ ઘડી.
આખી નવરાત્રિ થઈ ઝગમગે ‘મહેક’,
બેગમ થયો સૌંદર્ય જોઈ એક પળ ઘડી.
હાલોલ,પંચમહાલ

---

*NOG.SS.NO. 0095*
વિષય :- આવી શુભ ઘડી.
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- કાલિંદી
રચના :--

કાલિંદી ક્ષણભર દિગ્મૂઢ થઈ ગઈ. કેટલા સમયે જોયો ! અત્યાર સુધી એ ક્યાં હતો ? મળ્યો પણ કેવો ! આવી ઘડીએ!

કાલિંદી પૂરા દશ વર્ષ ભૂતકાળમાં સરી પડી. તે બાર વિજ્ઞાન પ્રવાહમાં ભણતી હતી.

પિતાની એકની એક હોંશિયાર અને સમજદાર લાડકી દીકરી. પિતા રિક્ષા ચાલક હતા. તેઓ કાલિંદીનું અને એની મમ્મીનું પૂરું ધ્યાન રાખતા. મમ્મી પણ પિતાને સહકાર આપતી. ખોટા ખર્ચા કરાવતી નહી. છૂટક મજૂરી કરી લેતી. બંનેનું લક્ષ્ય હતું કે પુત્રીને ઉચ્ચ અભ્યાસ કરાવી મોટી વ્યક્તિ બનાવવી.

પિતા દિવસ દરમ્યાન ધંધો કરી સાંજ પડ્યે ઘેર આવી જતા. રાત્રિએ બહાર જતા નહિ. કાલિંદી પાસે બેસી એની સાથે લાડથી વાતો કરતા. આજે મોડી રાત થઈ છતાં પિતા આવ્યા નહિ. જમવા માટે પિતાની રાહ જોતા હતા ત્યાં એક યુવકે આવી કહ્યું કે થોડા કામ માટે બહાર ગયા હોવાથી તેઓ સવારે આવશે.

યુવકે પોતાનું નામ કીર્તન જણાવ્યું અને તે ત્યાં બાજુની સોસાયટીમાં પરિવાર સાથે રહે છે તે પણ કહ્યું. કીર્તન સોહામણો હતો. કાલિંદીને યાદ આવ્યું કે એણે એકાદ બે વાર એને જોયેલો છે. કિર્તને કાલિંદીને જોઈ. પ્રથમ નજરે જ પ્રેમમાં પડી ગયેલો. તે અવાર નવાર રિક્ષા ભાડે લેવા લાગ્યો. પિતાના નાના મોટા સમાચાર આપવાના બહાને ઘેર આવતો. કાલિંદીને તે આવે તે ગમતું. એક વાર તક મળતાં એણે કહેલું કે તે કાલિંદીને પરણીને લઈ જશે. કાલિંદીને તે સમયે સારું લાગેલું, પણ ત્યાર બાદ કીર્તન દેખાયો જ નહિ. બહુ વાર મળેલા ન હોવાથી કાલિંદીને પણ ખાસ અભાવ થયો નહિ.

કાલિંદી બાળકોની નિષ્ણાત ડોક્ટર બની. સાથે અભ્યાસ કરનાર ડૉ.સુકેતુ સાથે લગ્ન કર્યા. તેઓ અદ્યતન હોસ્પિટલ ચલાવી રહ્યા હતા. એક દિવસ કિર્તન પુત્રને લઈ સારવાર માટે આવેલો. તે કાલિંદી સાથે નજર મેળવી શકતો નહોતો.કાલિંદીએ કિર્તનના પુત્રને તપાસી જરૂરી દવાઓ આપી સારવાર કરી.

કાલિંદીએ કિર્તન તરફ પ્રશ્નભરી નજર નાખી. કીર્તન સમજી ગયો. એણે જણાવ્યું કે લગ્નનો વાયદો પૂરો કરવા અને કાલિંદીને યોગ્ય બનવાના પ્રયત્નોમાં તે સુરત કમાવવા ગયેલો. એક અસહાય મહિલાની આપવીતી જાણી એણે તે દુ:ખી સ્ત્રીને સહારો આપી એને અને એના પુત્રને અપનાવી લીધેલા. બસ અંતર આત્માએ એને એવું સૂઝાડેલું. ત્યારબાદ અહીં આવ્યો જ નથી.

આકસ્મિક કામ પડતાં તે પત્ની સાથે આવેલો. પુત્ર બિમાર પડ્યો, એની સારવાર માટે મળવાનું થયું. પુત્રનો આજે જન્મદિવસ હતો. કીર્તન વિદાય લઈ રહ્યો હતો. કાલિંદીએ કીર્તનના પુત્રને માથે હાથ પ્રસારી અઢળક આશીર્વાદ આપ્યા. આજની ઘડી કાલિંદી માટે અને કિર્તન માટે શુભ ઘડી બની રહી. એમ જ આજે મારા માટે પણ શુભ ઘડી આવી છે. આપણાં ★સાહિત્ય સરિતા★ ગૃપનાં પ્રથમ સ્નેહ મિલનનાં શુભ અવસરે લખવાનો અવસર મળ્યો.આંગણે આવેલ શુભ ઘડીને વધાવવા માટે સંચાલક શ્રી પ્રદિપભાઈ અને મીનાક્ષીબેનની અવિરતપણે ચાલતી મહેનતને અને ગૃપનાં સભ્યોને એક પરિવારની જેમ સાચવીને રાખવાની જે એમની ધગશ અને લાગણી છે એ બદલ એ બેઉને વંદન કરું છું.

દીપિકા ચાવડા ‘તાપસી’. ભાવનગર.

---

*NOG SS No* : *0110*
પ્રકાર : ગદ્ય- ઉત્સવ લેખ
વિષય : આવી શુભ ઘડી
શબ્દો : ૩૩૧
શીર્ષક :‘શુભ ઘડીએ આવકાર‘
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

પ્રસંગે શુભ ઘડીનો ઈન્તજાર કોને ન હોય? ‘ન્યૂઝ ઓફ ગાંધીનગર‘ દૈનિક અને ‘જન ફરિયાદ‘ સાપ્તાહિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપના પ્રથમ સ્નેહમિલનની ઘડીઓ ગણાઈ રહી છે. ગ્રુપના સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ અને મીનાક્ષીબેન રાવલ તથા સિનિયર એડમીન સભ્યોના સુંદર વિચાર અને અથાગ પરિશ્રમના પરિણામ સ્વરૂપ ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ ને શનિવારે અમદાવાદમાં ખૂબ હર્ષ સાથે આ આખા દિવસના સ્નેહમેળાવડાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રુપ સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ અને મીનાક્ષીબેન રાવલ તથા સિનિયર એડમીન સભ્યોના પ્રેમભર્યા આમંત્રણને માન આપીને ગ્રુપના સહુ સર્જક મિત્રો એક મંચ ઉપર ભેગા થઈ સાહિત્યના વિવિધ ક્ષેત્રે પોતાની સર્જનાત્મકતાની અને સર્જન કૃતિઓની આપ લે કરશે. સાહિત્ય તથા સંગીતના અલગ અલગ કાર્યક્રમો યોજાશે જેમાં સહુ સર્જક મિત્રો જુદી જુદી પ્રવૃત્તિઓમાં હોંશભેર ભાગ લેશે અને આનંદની છોળો ઉડશે. આ પ્રસંગે દૂર દૂરથી આવીને અમદાવાદ ખાતે યોજાઈ રહેલ સ્નેહમિલનમાં આપણા સર્જક મિત્રો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. વિદેશમાં વસતા ‘સાહિત્ય સરિતા‘ ગ્રુપના સહયોગી અને ‘સાહિત્ય સંગીતનું વિશ્વ‘ ના સંચાલકો શ્રી કૌશિકભાઈ શાહ અને રાજુલબેન કૌશિક તથા અન્ય સર્જક અને લેખક સભ્યોની શુભેચ્છાઓ અવિરત પ્રાપ્ત થઈ રહી છે. જે આ કાર્યક્રમની સફળતાનું રણશિંગું ફૂંકી ચૂકી છે.કાર્યક્રમની આછી પાતળી રૂપરેખા આ પ્રમાણે રહેશે. સવારે ૧૦ થી ૧૦.૩૦ દીપ પ્રાગટ્ય, પ્રાર્થના તથા સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ સૌ સાથે મળીને ચા-કોફી નો આનંદ લેશે. સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ ‘સાહિત્ય સરિતા‘ ના ગ્રુપ સંચાલક શ્રી તથા સિનિયર એડમીન સભ્યો દ્વારા ઉદબોધન, સભ્યોનો પરિચય અને સભ્યોનું બહુમાન થશે. બપોરે ૧૨.૩૦ થી ૧.૪૫ સહુ ભેગા મળી ભોજન લેશે. બપોરે ૨.૦૦ થી ૫.૦૦ ના સમય દરમિયાન સર્જક મિત્રો દ્વારા એકોક્તિ, કાવ્ય પઠન અને ગદ્ય પઠન નો કાર્યક્રમ સંપન્ન થશે અને સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે સભ્ય મિત્રો દ્વારા જ ગીત સંગીતની મહેફિલ જમાવવામાં આવશે. સાંજે ૫.૧૫ થી ૬.૩૦ સુધી ‘સાહિત્ય સરિતા‘ ગ્રુપના સંચાલક શ્રી તથા સિનિયર એડમીન સભ્યો દ્વારા આમંત્રિત મહેમાનનું સ્વાગત, ત્યારબાદ મહેમાનનું સંભાષણ અને મહેમાન દ્વારા ઉપલબ્ધિઓ માટે વિશેષ વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવશે. અંતમાં સૌ સાથે મળીને ચા-કોફી અને હળવા ફૂલ ડિનરનો આનંદ લેશે. આ રીતે પ્રસન્ન વાતાવરણમાં આ સુંદર રીતે આયોજિત કાર્યક્રમ સંપન્ન થશે.ચાલો આપણે સૌ સાથે મળીને આ સુંદર કાર્યક્રમની શુભ ઘડીની પ્રતિક્ષા કરીએ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૨ ડીસેમ્બર ૨૦૨૨

# ચીનમાં કોરોનાના કહેર વચ્ચે ત્યાંથી પરત ફરેલા ભાવનગરના વેપારીનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો

ભાવનગર,તા.૨૨

કોરોનાએ હાલ ચીનમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે ત્યાંથી જ પરત ફરેલા ભાવનગરના એક વેપારીનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા આરોગ્ય વિભાગ એલર્ટ બન્યું છે. ચીનથી પરત ફર્યા બાદ વેપારીનો રેપીડ ટેસ્ટ કરાતા પોઝિટિવ આવ્યો હતો. વેપારી યુવાનને ક્વોરન્ટાઈન કરી ઈંઝઇ અને જીનોમ સિકવન્સિંગ માટે સેમ્પલ મોકલવામાં આવ્યા છે. યુવાનના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.ભાવનગર મહાનગરપાલિકાના કમિશ્નર ઉપાધ્યાયએ જણાવ્યું છે કે, કોવિડનું સંક્રમણ ન ફેલાય એ માટે જરૂરી પગલાં લેવાની શરૂઆત કરી દેવામાં આવી છે. છેલ્લા ૨૧ દિવસમાં કોવિડનો એકપણ પોઝિટિવ કેસ ન હતો. પરંતુ ગતરોજ ચાઈનાથી પરત ફરેલ એક વેપારી એ કોવિડ ટેસ્ટ કરાવતા તેનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આથી હેલ્થ વિભાગે આ વેપારીને ક્વોરન્ટાઈન કરી સારવાર શરૂ કરી છે એ સાથે આ વ્યક્તિના સંપર્કમાં આવેલા વ્યક્તિઓ પરિજનોના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ચીનમાં હાલ કોરોનાએ જે કહેર મચાવ્યો છે તેમાં ઓમિક્રોનનો સબ વેરિયન્ટ મ્હ્વ.૭ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ત્યારે ચીનથી પરત આવેલા વેપારીનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા બાદ વેરિયન્ટની તપાસ માટે સેમ્પલ લઈ જીનોમ સિકવન્સિંગ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ભાવનગર મનપા કમિશનરે વર્તમાન સ્થિતિને જોતા શહેરમાં ટેસ્ટિંગની સંખ્યા વધારવાની સૂચના આપવામાં આવી છે. હાલ દરરોજ ૧૦૦ જેટલા ટેસ્ટ થઈ રહ્યા છે તે વધારવાની સૂચના આપવામાં આવી છે.પીએચસી અને સરટી હોસ્પિટલમાં લોકો ફ્રીમાં ટેસ્ટ કરાવી શકશે. ભાવનગરમાં રેપિડ ટેસ્ટ માટે અને આરટીપીસીઆર માટે પૂરતી કીટ ઉપલબ્ધ હોવાનું કહ્યું હતું.

# ઓસ્કર ૨૦૨૩ શોર્ટલિસ્ટ:એસ એસ રાજમૌલિની ‘આરઆરઆર‘, ગુજરાતી ફિલ્મ ‘છેલ્લો શો‘ની સત્તાવાર એન્ટ્રી

મુંબઇ,તા.૨૨

ધ એકેડેમી ઑફ મોશન પિક્ચર્સ આર્ટ્સ એન્ડ સાયન્સે ગુરુવાર, ૨૨ નવેમ્બરના રોજ વિવિધ કેટેગરીના શોર્ટલિસ્ટ નોમિનેશન જાહેરાત કરી હતી. એસ એસ રાજમૌલિની આરઆરઆરને મ્યૂઝિક (ઓરિજિનલ સોંગ) માટે નોમિનેટ કરવામાં આવી છે. આ ફિલ્મનું ગીત ‘નાટુ નાટુ...‘ શોર્ટલિસ્ટમાં સામેલ છે. આ ફિલ્મને કન્સીડરેશનની વિવિધ કેટેગરીમાં નોમિનેશન કરવામાં આવ્યું છે, જેમાં બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એક્ટર, બેસ્ટ વિઝ્યૂલ ઈફેક્ટ્સ સામેલ છે. આ ઉપરાંત ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મમાં ગુજરાતી ફિલ્મ ‘છેલ્લો શો‘ (લાસ્ટ ફિલ્મ શો) શોર્ટલિસ્ટ થઈ છે. ડોક્યુમેન્ટ્રી ફીચર ફિલ્મ તથા

ગુજરાતી ફિલ્મ ‘લાસ્ટ ફિલ્મ શો‘ ઈન્ટરનએશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં તથા શૌનક સેનની ડોક્યુમેન્ટરી ‘ઓલ ધેટ બ્રીથ્સ‘ને ડોક્યુમેન્ટરી ફીચર ફિલ્મમાં શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. આ ઉપરાંત કાર્તિકી ગોંસાલ્વ્સની ડોક્યુમેન્ટરી ‘ધ એલિફન્ટ વ્હીસ્પર્સ‘ને પણ ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મમાં શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. આમ ૯૫મા ઓસ્કર અવૉર્ડમાં ભારતની કુલ ચાર ફિલ્મ શોર્ટલિસ્ટમાં સામેલ છે.

એવું માનવામાં આવે છે કે શૌનક સેનની ડોક્યુમેન્ટરી ઓસ્કર અવૉર્ડ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. ગયા વર્ષે રિંતુ થોમસ તથા સુસ્મિત ઘોષની ડોક્યુમેન્ટરી ‘રાઈટિંગ વિથ ફાયર‘ને ઓસ્કર નોમિનેશન મળ્યું હતું. ‘છેલ્લો શો‘ને ૨૦ સપ્ટેમ્બરે ભારત તરફથી ઓસ્કર માટેની ઓફિશિયલ એન્ટ્રી મળી હતી.‘છેલ્લો શો‘ની વાત કરીએ તો ડિરેક્ટર તથા રાઈટર પાન નલિનની આ સેમી ઓટોબાયોગ્રાફી છે. પાન નલિન સૌરાષ્ટ્રમાં મોટા થયા છે અને તેમને નાનપણથી ફિલ્મ પ્રત્યે ઘણો જ પ્રેમ હતો. ફિલ્મનું શૂટિંગ માર્ચ, ૨૦૨૦માં થયું હતું. જોકે, પછી લૉકડાઉન હતું. કોરોનાકાળમાં આ ફિલ્મનું પોસ્ટ પ્રોડક્શનનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

# રાહુલ ગાંધી સમક્ષ માફી નહિ માંગો તો કાનૂની કાર્યવાહી થશે ,ભાજપના અમિત માલવિયાને ધમકી

### ’ફેક ન્યૂઝ પેડલર અમિત માલવિયા, અહીં રાહુલ ગાંધીના બૂટની તસવીર છે, જે લેસ વગરના છે!

નવીદિલ્હી,તા.૨૨

કોંગ્રેસની ભારત જોડો યાત્રા ચાલુ છે. દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ફરી એકવાર તેમની મુલાકાતને લઈને વિવાદમાં છે. બીજેપીના એક નેતાએ રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે તેઓ મુલાકાત દરમિયાન પૂર્વ કેન્દ્રીય મંત્રી ભંવર જિતેન્દ્ર સિંહને પાસે રાહુલ ગાંધીએ તેમના બૂટની લેસ બાંધવાકહ્યું હતું. આ અંગે સ્પષ્ટતા આપતા કોંગ્રેસના નેતા જીતેન્દ્ર સિંહે પણ ભાજપને ચેતવણી આપી છે.

અમિત માલવિયાએ એક વીડિયો ક્લિપ શેર કરીને દાવો કર્યો છે કે રાહુલ ગાંધીએ એક ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પાસે તેમની બૂટની લેસ બાંધવા કહ્યું હતું.પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના નેતા ભંવર જિતેન્દ્ર સિંહે ભાજપના આરોપોનું ખંડન કર્યું છે અને કહ્યું છે કે તેઓ રાહુલ ગાંધીના નહીં પણ પોતાના બૂટની લેસ બાંધી રહ્યા છે.

કોંગ્રેસના નેતા જિતેન્દ્ર સિંહે ભાજપના દાવાને નકારવાની સાથે અમિત માલવિયા સામે કાયદાકીય કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. અમિત માલવિયાએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં રાહુલ ગાંધીને ભારત જોડો યાત્રા દરમિયાન કોંગ્રેસના નેતાઓ સાથે ચાલતા દેખાડવામાં આવ્યા હતા. ૨૦-સેકન્ડની ક્લિપમાં રાહુલ ગાંધી જિતેન્દ્ર સિંહને જમીન તરફ ઈશારો કરતા બતાવે છે, ત્યારબાદ તેઓ તેમના બૂટની લેસ બાંધવા માટે નીચે ઝૂકે છે.

અમિત માલવિયાના આરોપ બાદ કોંગ્રેસ નેતા જિતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કર્યું કે તેઓ રાહુલ ગાંધીના નહીં પણ પોતાના બૂટની લેસ બાંધી રહ્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું, ×સત્ય એ છે કે મારી વિનંતી પર, રાહુલ જીએ રોકવાનો ઈશારો કર્યો જેથી કરીને હું મારા બૂટની લેસ જાતે બાંધી શકું.× કોંગ્રેસ નેતાએ અમિત માલવિયાને ટ્વીટ ડિલીટ કરવા કહ્યું અને રાહુલ ગાંધીની માફી માંગીને કાનૂની કાર્યવાહીનો સામનો કરવાની ચેતવણી આપી.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે પણ આ મુદ્દે ભાજપ પર પ્રહારો કર્યા છે. તેણે ટ્વીટ કર્યું- ‘ફેક ન્યૂઝ પેડલર અમિત માલવિયા, અહીં રાહુલ ગાંધીના બૂટની તસવીર છે, જે લેસ વગરના છે! તમે ફરી એકવાર જૂઠું બોલતા પકડાઈ ગયા છો પરંતુ તમને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા અને પીએમ મોદી દ્વારા રોજેરોજ જૂઠું બોલવાની સત્તા આપવામાં આવી છે.તેમણે કહ્યું કે ભાજપના નેતાઓએ રાહુલ ગાંધીની માફી માંગવી જોઈએ.

# દિલ્હીમાં રાત્રે ૧ વાગ્યા સુધી રેસ્ટોરન્ટ્સ ખુલ્લી રહેશે, એલજીની મંજૂરી

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ દિલ્હીમાં કેટલીક જગ્યાએ રાત્રે ૧ વાગ્યા સુધી રેસ્ટોરાં ખોલવાની મંજૂરી આપી છે. દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટીની માલિકીની સિરી ફોર્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, કુતુબ ગોલ્ફ ક્લબ અને ભાલ્સવા ગોલ્ફ ક્લબમાં રેસ્ટોરાં અને કાફેટેરિયાને રાત્રે ૧ વાગ્યા સુધી ખોલવાની મંજૂરી આપવામાં આવશે. ખાનગી લાઈસન્સધારકો દ્વારા ચલાવવામાં આવતી આ ડીડીએ સંસ્થાઓ ખોરાક અને પીણાની સેવા પૂરી પાડે છે.

અહીં દરરોજ આવતા હજારો લોકોને આ નિર્ણયનો લાભ મળશે. આના સંદર્ભમાં, ઢ્ઢછ એ ત્રણેય પરિસરમાં પૂરતી સુરક્ષા, લાઈટિંગ અને પાર્કિંગની ખાતરી કરવા સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. લેફ્ટનન્ટ ગવર્નર સચિવાલયના સૂત્રોએ જણાવ્યું કે નવા વર્ષ પહેલા દિલ્હીની જનતાને આ ભેટ આપવામાં આવી છે. તેઓ આ ક્લબોમાં જઈ શકશે અને રાત્રિ દરમિયાન પણ ખાવા-પીવાની મજા માણી શકશે. તેમાં ક્લબના સભ્યો, અસ્થાયી સભ્યો, ચુકવણીના આધારે મુલાકાતીઓ અને આ પરિસરની મુલાકાત લેતા તેમના મહેમાનોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી ભોજન પીરસવા માટે રાત્રે ૯ વાગ્યા અને પીણાં માટે ૧૧ વાગ્યાની સમય મર્યાદા હતી. લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાના નેતૃત્વમાં તૈયાર કરવામાં આવેલ દિલ્હી ૨૦૪૧નો માસ્ટર પ્લાન પણ રાત્રિ જીવન અને મજબૂત રાત્રિ અર્થતંત્રની કલ્પના કરે છે. લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા લેવામાં આવેલા નિર્ણયથી આર્થિક ગતિવિધિઓ વધશે અને સરકારની આવકમાં પણ વધારો થશે.

ઘણા શહેરોની જેમ દિલ્હીમાં પણ લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા નાઈટ લાઈફ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ ક્રમમાં, મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના વિવિધ વિસ્તારોમાં ઓપન, ટેરેસ અને અલ્ફેસ્કો ડાઈનિંગ માટે ૧૫૦ જેટલી રેસ્ટોરન્ટને લાયસન્સ આપી દીધા છે. નોંધનીય છે કે લેફ્ટનન્ટ ગવર્નરે ઓગસ્ટ મહિનામાં ૩૧૪ વ્યાપારી સંસ્થાઓની પેન્ડિંગ અરજીઓને મંજૂરી આપી હતી.


# સુશાંતસિંહ રાજપૂત કેસમાં ’જૂની ફાઈલો ખોલશો તો મોંઘુ પડશે : સંજય રાઉત

## રાજપૂતના મૃત્યુ સાથે ઠાકરે કનેક્શનનો આ મુદ્દો ફરી એકવાર મહારાષ્ટ્રમાં ગરમાયો છે

મુંબઇ,તા.૨૨

રાહુલ શેવાળેએ આરોપ લગાવ્યો હતો કે સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પહેલા રિયા ચક્રવર્તીના ફોન પર છેંના નામે ૪૪ કોલ આવ્યા હતા. બિહાર પોલીસે આદિત્ય ઉદ્ધવ સાથે એયુ નામ જોડ્યું હતું. રિયા ચક્રવર્તીની લીગલ ટીમે આ વાતનો મતલબ અનન્યા ઉદ્ધવને કહ્યું. સત્ય શું છે, તે સામે આવવું જોઈએ કારણ કે સીબીઆઈએ તેના વિશે કોઈ માહિતી આપી નથી.

કોણ છે બિહાર પોલીસ? મહારાષ્ટ્ર પોલીસ પર નહીં, બિહાર પોલીસમાં વિશ્વાસ છે ? સીબીઆઈ પર નહીં? સીબીઆઈએ સ્પષ્ટપણે કહ્યું છે કે, દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે આત્મહત્યા કરી છે, તેમ છતાં શિંદે જૂથના સાંસદ રાહુલ શેવાળેએ આદિત્ય ઠાકરેનું નામ ખેંચીને અધમ રાજનીતિ શરૂ કરી છે. તેના પર બળાત્કાર અને યૌન શોષણના કેસ છે. તેઓ



ગઈકાલ સુધી જે થાળીમાં ખાતા હતા તેમાં જ છેદ કરી રહ્યા છે. આ ટોનમાં, ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે આજે (૨૨ ડિસેમ્બર, ગુરુવાર) સીએમ એકનાથ શિંદે, સાંસદ રાહુલ શેવાળે પર આકરા પ્રહારો કર્યા હતા.

દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે આ જૂની ફાઈલો ખોલવાની લડાઈ ભાજપ અને શિંદે જૂથને મોંઘી પડશે. ૨૦૨૪ સુધી તમારે જે કરવું હોય તે કરો. ૨૦૨૪માં શિવસેનાની સરકાર બનશે. પછી તમારા લોકોની ફાઈલો ખુલશે. આપણે આવી ઘણી બધી ફાઈલો પણ ખોલી શકીએ છીએ. પડોશી રાજ્યોમાં રાજ્ય કેવી રીતે ચાલે છે તે જુઓ. ઉદ્યોગ મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં ખસેડવામાં આવી રહ્યો છે. કર્ણાટક મહારાષ્ટ્રના ગામડાઓ છીનવી રહ્યું છે અને અહીં એકનાથ શિંદે અન્ય પક્ષોમાં ચારો બનાવવામાં વ્યસ્ત છે.

ગઈકાલે લોકસભામાં રાહુલ શેવાળેએ આરોપ લગાવ્યો હતો કે સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ પહેલા રિયા ચક્રવર્તીના ફોન પર છેંના નામે ૪૪ કોલ આવ્યા હતા. બિહાર પોલીસે આદિત્ય ઉદ્ધવ સાથે એયુ નામ જોડ્યું હતું. રિયા ચક્રવર્તીની લીગલ ટીમે આ વાતનો મતલબ અનન્યા ઉદ્ધવને કહ્યું. સત્ય શું છે, તે સામે આવવું જોઈએ કારણ કે સીબીઆઈએ તેના વિશે કોઈ માહિતી આપી નથી. રાહુલ શેવાળેના આ આરોપ બાદ મહારાષ્ટ્રમાં ઠાકરે જૂથ તરફથી એકનાથ શિંદે જૂથ પર જોરદાર પ્રહારો શરૂ થઈ ગયા છે.

બીજેપી ધારાસભ્ય નિતેશ રાણે (નિતેશ રાણે, બીજેપી)એ આજે ??આ મામલે કહ્યું કે અમે પહેલાથી જ કહી રહ્યા છીએ કે સુશાંત સિંહ રાજપૂતની મેનેજર દિશા સાલિયાનના મોતમાં આદિત્ય ઠાકરેનો હાથ છે. હવે શિંદે જૂથના સાંસદ રાહુલ શેવાળે પણ આ મામલો ઉઠાવ્યો છે. મારી માંગ છે કે આદિત્ય ઠાકરેનો નાર્કો ટેસ્ટ એ જ રીતે કરાવવો જોઈએ જે રીતે શ્રદ્ધા વાલકર કેસમાં આફતાબ પૂનાવાલાના નાર્કો ટેસ્ટ બાદ સત્ય બહાર આવ્યું હતું. તો જ સત્ય બહાર આવશે.

ગઈકાલે આદિત્ય ઠાકરેએ પત્રકારો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે જે રીતે સીએમ એકનાથ શિંદે પર નાગપુર જમીન કૌભાંડનો આરોપ છે અને જે રીતે રાજ્ય સરકાર મહાપુરુષોના અપમાનના મુદ્દે રાજ્યપાલને બચાવવાનો પ્રયાસ કરી રહી છે, આ મુદ્દાઓ ધ્યાન હટાવવા માટે છે. આવા પાયાવિહોણા મુદ્દાઓ ઉઠાવવામાં આવે છે.

# ગાંધીનગર લોકસભાના ઇન્ચાર્જ શ્રી હર્ષદભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યોની મહત્વની બેઠક યોજાઈ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૨૧ ડિસેમ્બર બુધવારના રોજ ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના મતક્ષેત્ર ગાંધીનગર લોકસભાના ઇન્ચાર્જ અને સાબરમતી વિધાનસભાના ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા સભ્યોની બેઠક યોજાઇ હતી જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ બેઠકમાં વિસ્તારના વિકાસ કાર્યો અંગે તેમજ સંગઠનાત્મક વિષયો અંગે ઉપસ્થિત સૌને વિસ્તૃત માર્ગદર્શન આપવામા આવ્યું હતું.

# ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના મોટી આદરજ ગામે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે ધન્વંતરી આરોગ્ય રથની મોબાઈલ સેવાનો શુભારંભ કરાવ્યો







## આરોગ્ય સુખાકારી માટે વધુ ને વધુ સંખ્યામાં ધન્વંતરી આરોગ્ય રથની નિઃશુલ્ક સુવિધાઓનો લાભ લેવા જનતાને અપીલ કરતા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ

ગાંધીનગર,

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ધન્વંતરિ આરોગ્ય રથની કરાયેલી ફાળવણી અન્વયે તા.૨૨ ડિસેમ્બરના રોજ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે મતવિસ્તારના મોટી આદરજ ગામે ધન્વંતરિ આરોગ્ય રથની મોબાઈલ સેવાનો શુભારંભ કરાવ્યો હતો જેનો ગ્રામજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. ધન્વંતરી આરોગ્ય રથમાં વિવિધ રોગોની પ્રાથમીક સારવાર, હિમોગ્લોબીન ની તપાસ, મેલેરીયાની તપાસ,લોહીમા સુગરની તપાસ જેવી લેબોરેટરી સેવાઓ, પ્રેગ્નન્સી ટેસ્ટ સહિત ડોકટરની સલાહ મુજબ વિનામૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવે છે ત્યારે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે આરોગ્ય સુખાકારી માટે વધુ ને વધુ સંખ્યામાં ધન્વંતરી રથની સુવિધાઓનો ઉપયોગ કરવા જનતાને અપીલ કરી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સરપંચ, ડે.સરપંચ, જિલ્લા પંચાયતના સભ્ય, ગામના અગ્રણીશ્રીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના તમામ ધન્વંતરિ આરોગ્ય રથ અદ્યતન ટેકનલોજીથી સુસજ્જ છે. જેમા ઓનલાઈન ડેટા એન્ટ્રી અને રજીસ્ટ્રેશન, જીપીએસ દ્વારા રિયલ ટાઈમ ટ્રેંકિગ તેમજ તાલીમબદ્ધ કર્મચારીઓ દ્વારા તબીબી સેવાઓ નિઃશુલ્ક પુરી પાડવામા આવે છે.





માલેગામ મિત્ર મંડળ, મુંબઈ

માલેગામ જૈન ગ્રુપ સંચાલિત માલેગામ મિત્ર મંડળ, મુંબઈ. જે માલેગામથી ચાલીસ વર્ષથી વધુ સમયથી મુંબઈ પુના નાસિક અહમદાવાદ શહેરોમાં વસેલા ગામ મિત્રો ભાઈ બહેનનું દ્વિતીય સંમેલન કાંદિવલી વેસ્ટ ઠક્કાઈ ભાટિયા વાડી શંકર લેન ખાતે આયોજન કરવામાં આવેલ. પ્રફુલ્લ દોશી, બિપિન દોશી, શૈલેશ દોશી, રાજુ શાહ, રાજેશ ઉદાણી, મુકેશ દેસાઈ સંચાલક મંડળે માલેગામવાસીઓએ મહેનત કરી સુંદર મજાના કાર્યક્રમ નું આયોજન કરેલ હતું. પુનાથી આવેલા જયેશ દેસાઈ અને ડૉક્ટર પંકજ શાહ તથા હર્ષદ ભાઈ તુરખિયાએ માલેગામની ગઈકાલથી લઈને પચાસ વર્ષ પહેલાના જૂના સંભારણાની વાતો કરીને દરેક ભાઈ બહેનોને ભાવવિભોર બનાવી એકપ્રકારે માલેગામની યાદો તાજી કરેલ હતી તથા બહેનોએ સંગીત સાથે મનમૂકીને ડાન્સ તથા ગરબાનો આનંદ લીધો હતો. સંમેલનમાં આવેલા દરેક સભ્યોએ સુંદર આયોજનના મનમૂકીને વખાણ કર્યા હતા.



મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લી શ્રી,એસ.કે.શાહ. એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ.આટર્સ કોલેજ,મોડાસા અને મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લીના સંયુકત ઉપક્રમે “ઘરેલું હિંસા અધીનીયમ-૨૦૦૫” અંતર્ગત કાયદાકીય જાગૃતિ સેમીનાર તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અગેનો સેમિનાર શ્રી,એસ.કે.શાહ.એન્ડ શ્રી કૃષ્ણ ઓ.એમ.આટર્સ કોલેજ કેમ્પસમાં યોજાયો. કાર્યક્રમના સમારંભના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ વી શાહ(મામા) ઉપપ્રમુખશ્રી મ.લા.ગાંધી.ઉચ્તર કેળવણી મંડળ મોડાસા, શ્રી હસીનાબેન જી મનસુરી, મહિલા અને બાળ અધિકારીશ્રી, મહિલાઓને મળેલા અધિકાર અને સમાજમાં થતી ઘરેલું હિંસા વિશે વિસ્તૃત સમજ આપેલ. તેમજ શ્રી રાકેશભાઈ પ્રજાપતિ, કે.એ.મોદી સ્જીઉ કોલેજના આચાર્યશ્રી,એ કાયદા વિષયક માર્ગદર્શન અને સમાજમાં થતી હિંસા વિશેની વિસ્તૃત માહિતી આપેલ. તેમજ ડૉ નરેશભાઈ વી મેણાત, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, એ સમાજમાં થતી ઘરેલું હિંસા વિશે અને જિલ્લામાં થતા ઘરેલું હિંસાના કેસો વિશે ની વિસ્તૃત માહિતી આપેલ. તેમજ મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરીમાં ચાલતી વિવિધ મહિલાલક્ષી યોજનાકીય માહિતી આપવામાં આવી તથા સખી વન સ્ટોપ સેન્ટર,પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની વિસ્તૃત માહિતી ડેમોસ્ટ્રેશન ધ્વારા આપવામાં આવી.તેમજ રોજગાર કચેરી ધ્વારા રોજગાર અને અનુબંધન પોર્ટલ વિશેની માહિતી આપવામાં આવી.

# અમદાવાદની હોસ્પિટલમાં માતા- પુત્રીની હત્યા કેસમાં કંપાઉન્ડર જ આરોપી

અમદાવાદ,તા.૨૨

અમદાવાદની હોસ્પિટલમાં માતા અને પુત્રીની હત્યા કેસમાં તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે પિતાએ મૃતક પુત્રી અને પત્નીની હત્યાને લઇ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામાં દવાખાનાનો કંપાઉન્ડર મનસુખ જ આરોપી છે. પોલીસને આ ઘટનામાં શરૂઆતથી જ કંપાઉન્ડર મનસુખ સામે શંકા હતી. મહત્વનું છે કે મણિનગર વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ડબલ મર્ડરની ઘટના ગત રોજ સામે આવી હતી. અર્પિત શાહ નામના ડોક્ટરની કર્ણ હોસ્પિટલના ઓપરેશન થિયેટરના કબાટમાં એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો અને હજુ તો પોલીસ યુવતીના મોતનું કારણ જાણી શકે તે પહેલાં જ યુવતીની માતાનો મૃતદેહ પણ એ જ હોસ્પિટલમાંથી જ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. મૃતક યુવતીનું નામ ભારતી વાળા તેમજ માતાનું નામ ચંપા વાળા હોવાનું સામે આવ્યું હતું. હાલ પોલીસે શંકાના આધારે હોસ્પિટલના કમ્પાઉન્ડર મનસુખની અટકાયત કરી તેની પૂછપરછ શરૂ કરી હતી.. પોલીસની પ્રાથમિક તપાસમાં બંને માતા-પુત્રીની ઇન્જેક્શન મારી હત્યા કરાઇ હોવાની શક્યતા વ્યક્ત કરાઇ રહી છે.મણીનગરની કર્ણ હોસ્પિટલમાં માતા પુત્રીની હત્યાના કેસમાં કંપાઉન્ડર જ આરોપી નીકળ્યો છે. મનસુખે કેટામાઇનનું ઇન્જેક્શન આપ્યું હતું ત્યાર બાદ ભારતીનું મોત થઈ ગયું હતું . ભારતી બાદ મનસુખે ભારતીની માતા ચંપાબહેનને પણ કેટામાઇનનું ઇન્જેક્શન આપતા તેમનું પણ મોત થયું હતું. પોલીસની પૂછપરછમાં વિગતો સામે આવી હતી કે મઆરોપી મનસુખ દવાખાનાના સીસીટીવી બંધ કરીને ડોક્ટરની જાણ બહાર દર્દીઓની સારવાર કરતો હતો.

સમગ્ર બનાવમાં કમ્પાઉન્ડર મનસુખ શંકાના દાયરામાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મનસુખે જ માતા અને પુત્રીને હોસ્પિટલ બોલાવ્યા હતા. સૂત્રના જણાવ્યા મુજબ કમ્પાઉન્ડર મનસુખને પૈસાની જરૂરીયાત હતી આથી મનસુખે જ માતા અને પુત્રીની હત્યા કરી તેમના દાગીના ચોરી લીધા હોવાનું મનાઇ રહ્યું છે. સૌથી મહત્વની બાબત એ છે કે ઘટના બની એ સમયગાળાના એક કલાક સુધી હોસ્પિટલના સીસીટીવી બંધ હાલતમાં હતા. આથી જ કમ્પાઉન્ડર મનસુખ તરફ શંકા વધુ દ્રઢ બની રહી છે. ભારતી ઘરેલુ ઝઘડાઓને કારણે છેલ્લા ૬-૭ મહિનાથી પતિ લક્ષ્મણથી અલગ રહેતી હતી. કંપાઉન્ડર મનસુખ લક્ષ્મણના સગામાં થાય છે. આથી તેના સંપર્કથી ભારતીની સારવાર આ હોસ્પિટલમાં ચાલી રહી હતી. હાલ પોલીસ દરેક એંગલથી હત્યાનું કારણ જાણવાના પ્રયાસો કરી રહી છે.અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ડબલ મર્ડરની ઘટના ગત રોજ સામે આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી હતી. મણિનગરના ભુલાભાઇ પાર્ક પાસે અર્પિત શાહ નામના ડોક્ટરની કર્ણ હોસ્પિટલના ઓપરેશન થિયેટરના કબાટમાં એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો.

# ગુજરાતી ફિલ્મ સ્ટાર સૂર્યકિરણ રાવતનું મોરબી ખાતે ભવાઈ ગીત નુ શૂટિંગ. (પ્રાચીન અર્વાચીન સંસ્કૃતિનો સમન્વય)



નાયક. ભોજક. વ્યાસની ગૌરવ ગાથા,વેદના,વ્યથા અને સંવેદના. ને વાચા આપતું. સોન્ગ,,,,,,,,,, ‘જુગ જુગ જીવો નાયક, ભોજક, વ્યાસ’ નિર્માતા. રાજેશભાઈ વ્યાસ. ના નિર્માણ થી. રાજેશભાઈ ના હાથે શ્રીફળ વધેરી. અને અક્ષરડેકોર ના શ્રી જયદીપ ડાભી ના હાથે કેમેરા સ્વીચ ઓન કરી. ને એક સરસ મજાના ગીત નું શૂટિંગ તા. ૨૦/૧૨/૨૦૨૨. મોરબી. છાપરી વાળા હનુમાન મંદિર ખાતે થયું.

કલાકારો માં સૂર્યકિરણ રાવત. શર્મિષ્ઠા મકવાણા. ઈશ્વર સમિકાર. હેમાલી ગોહિલ. સૂર્યદીપ રાવત. અને સંજય નાયક. કલાકારો ને જોવા મોરબી વાસીઓ ની ભારે ભીડ.

ગીતકાર : કંપોઝર. ગાયક. અને વિડિયો ડાયરેક્ટર. સૂર્યકિરણ રાવત.

મેક અપ. રંજન રાઠોડ.
ડી.ઓ.પી.
હિતેશ મહેતા.

# રાજકોટઃ ઓસ્ટ્રેલિયાથી આવનાર યુવતીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

રાજકોટ,તા.૨૨

કોરોનાના નવા વેરીએન્ટને લઈને સમગ્ર વિશ્વ જ્યારે ચિંતિત છે. ત્યારે બીજી તરફ રાજકોટ શહેરમાં વિદેશી યુવતીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. ઓસ્ટ્રેલિયાથી રાજકોટ પહોંચનાર વિદેશી યુવતીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા રાજકોટ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે ડિસેમ્બર માસમાં અત્યાર સુધીમાં પાંચ વ્યક્તિઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.રાજકોટ મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે આશિષકુમાર જણાવ્યું હતું કે, કોરોનાની સ્થિતિ હાલ રાજકોટ શહેરમાં કાબુમાં છે. લોકોએ ચિંતિત થવાની કોઈ જરૂર નથી પરંતુ સાવચેત રહેવાની ચોક્કસ જરૂર છે. વિદેશી યુવતીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તે ૧૮મી તારીખના રોજ અમદાવાદથી બાય રોડ રાજકોટ આવી પહોંચી હતી. રાજકોટ શહેરમાં તેનો પતિ અને તેના પરિવારજનો રહેતા હોવાથી યુવતી રાજકોટ આવી હતી.

રાજકોટ આવી પહોંચેલી યુવતીમાં ૧૯મી તારીખના રોજ કોરોનાના કેટલાક લક્ષણો જોવા મળતા તેનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. ૨૦ તારીખના રોજ યુવતીનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેનો રિપોર્ટ ગત ૨૧મી તારીખના રોજ પોઝિટિવ આવતા યુવતીના સંપર્કમાં આવેલા તમામ પરિવારજનોના રિપોર્ટ કરાવવામાં આવ્યા છે. પરંતુ તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. રાજકોટ રહેતા તમામ પરિવારજનોએ બુસ્ટર ડોઝ પણ લઈ લીધેલ છે.હાલ રાજકોટ શહેરમાં એક્ટિવ કેસની સંખ્યા માત્ર એક છે. કોરોનાના નવા વેરીએન્ટને લઈ યુવતીનું જે સેમ્પલ ને તપાસ માટે ગાંધીનગર લેબ ખાતે મોકલી આપવામાં આવ્યું છે. પોઝિટિવ આવેલી વિદેશી યુવતીની શારીરિક સ્થિતિ ખૂબ જ સ્વસ્થ જોવા મળી રહી છે. તેમજ પરિવારના એક પણ લોકોમાં કોરોનાનો એક પણ લક્ષણ જોવા નથી મળી રહ્યો.

આરોગ્ય કેન્દ્ર પર સૂચના આપી દેવામાં આવી છે કે, શરદી ઉધરસ ગંભીર પ્રકારે જણાય તો તેમના પણ કોરોનાના ટેસ્ટ કરાવવામાં આવે. તો સમગ્ર મામલે રાજકોટ મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં હોવાનું પણ ડેપ્યુટી મ્યુની.કમિશનરે જણાવ્યું હતું. તેમજ લોકો કોવિડથી બચવા માટે સાવચેત રહે તેમ જ કોવિડના નીતિ નિયમોનું પાલન કરે તે જરૂરી છે.

# અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના રાજકોટ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ખુલ્લામાં સુતા રહેતા લોકોને રક્ષણ આપવા ધાબળા, ટોપીનું વિતરણનો પ્રારંભ કરાયો

## દાતાઓના સહયોગથી અત્યાર સુધીમાં ૯૦૦ નવા ધાબળા, ૧૨૦૦ ગરમ ટોપીનું વિતરણ

અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટ દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ખુલ્લામાં સુતા રહેતા લોકોને રક્ષણ આપવા ધાબળા, ટોપીનું વિતરણનો પ્રથમ તબકકામાં પ્રારંભ કરાયો છે. દાતાઓના સહયોગથી અત્યાર સુધીમાં ૯૦૦ નવા ધાબળા તથા ૧૨૦૦ ગરમ ટોપીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.

અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટના પ્રમુખ મિતલ ખેતાણી ધાબળા વિતરણ અભિયાન અંગે માહિતી આપતા વધુમાં જણાવે છે કે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાનાં અધ્યક્ષ ગિરીશભાઈ કોટેચાનાં માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના સેવારત છે. શીયાળાની શરૂઆતમાં જ ઠંડી પડવાની શરૂઆત થઇ છે ત્યારે શીયાળાની ઠંડીમાં સમાજના આપણા જરૂરતમંદ સ્વજનોને નવા ધાબળા આપી ઠંડીથી બચાવવાનું અભિયાન શરૂ કરાયું છે.

માનવતા જેના લોહીમાં વહે છે તેવા બાલકૃષ્ણભાઈ સોમૈયા (મો.૯૪૨૭૨૭૦૯૭૦), દિપકભાઈ રાજાણી (મો.૯૮૭૯૫ ૩૭૨૩૫), સંજયભાઈ કક્કડ (મો.૯૮૨૪૦૪૩૩૯૯), ચેતનભાઈ ગણાત્રા (મો.૯૯૦૪૦૮૬૦૮૦), હિરેનભાઈ વડેરા (મો.૯૫૭૪૪ ૫૫૦૫૫), રાજેશભાઈ કારીઆ (મો.૯૪૨૬૭ ૮૩૩૭૭)ના માર્ગદર્શનમાં મોડી રાત્રીના સમયે ટીમ કડકડતી ઠંડીમાં નીકળીને રાજકોટ સિવિલ હોસ્પિટલ, એસ.ટી.બસ સ્ટેન્ડ, રેલ્વે, મેટોડા, શાપર, ચોટીલા, આજી તેમજ અનેક ઝૂંપડપટ્ટીઓમાં ખુલ્લા મેદાનમાં ફુટપાથ પર, સીમમાં ઓઢયા વગર સુતા હોય તેવા લોકોને શિયાળાની કડકડતી ઠંડીમાં મધરાતે ફૂટપાય પર સૂતેલા અને હાઈવે પર ઝુપડા બાંધી રહેતા અને દરીદ્ર નારાયણો, બાળકોને, વડીલોને ઠંડીમાંથી રાહત રક્ષણ અપાવવાના ભાગરૂપે દાતા પરીવારના



સહયોગથી વિનામૂલ્યે ધાબળા, ટોપીનું સ્થળે જઈને વિતરણ કરાઈ રહયું છે.

થોડા દિવસથી ઠંડી સખત પડે છે આપણે તો ઘરમાં ચાર દિવાલમાં હીટર ચાલુ હોય, બ્લેક્રેટ—ગોદડા ઓઢીને સુતા હોઈએ છીએ, બહાર નીકળીએ તો પણ ગરમ મોજા સ્વેટર ટોપી, મફલર, શાલ ઓઢી હોય છે અને છતાં ‘બહુ ઠંડી‘ એમ બોલાઈ જતુ હોય છે ત્યારે આવી હાડ થીજવતી કાતિલ ઠંડીમાં જેમને ઉપર આભ નીચે ધરતી છે તેવા ફૂટપાથ પર ઓફીસ કે દુકાનના ઓટલા પર ખુલ્લા મેદાનમાં કે બાંધકામની ચાલતી સાઈટ પર ઓઢવાનું તો એક બાજુ રહયું પણ પાથર્યા વગર સુતેલ સમાજનાં આપણા સમાજના આપણા જરૂરીયાતમંદ કુટુંબોની વ્હારે ચડવાનો પ્રયત્ન કરેલ છે. એક નવા ધાબળાનાં રૂ.૧૩૦, ટોપીના રૂ. ૧૮ છે. જે કોઈ દાતાશ્રીઓએ સ્વૈચ્છાએ પોતાનું અનુદાન આપવું હોય તો તે પણ આવકાર્ય છે.

જુના, વાપરવા લાયક ગરમ કપડા (પહેરી શકાય તેવા) આપવા હોય તો પણ તેનો સ્વિકાર સંસ્થા દ્વારા નીચેના સરનામે સ્વીકારવામાં આવશે.

નવા જુના (પહેરી શકાય તેવા) ગરમ કપડા આપવા જનસેવાના આ ઉમદા કાર્યમાં સહભાગી બનવા માંગતા હોય તેઓએ ગરમ કપડા પહોંચાડવા માટેની વિશેષ માહિતી માટે (૧) જીતુલભાઈ કોટેચા, હોટલ યુરોપાઈન, રાજશ્રી સિનેમા સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ (૨) મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), ‘સત્યમ‘, ૩—ટાગોરનગર, કાલાવડ રોડ, રાજકોટ, (૩) એચ.એમ. એન્ટરપ્રાઈઝ, ક્રીષ્ના કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે, સાવલીયા હોસ્પિટલની સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે સ્વીકારવામાં આવશે.સમગ્ર આયોજન અંગે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણી, સલાહકાર સમિતીના અધ્યક્ષ અને પૂર્વ મેયર જનકભાઈ કોટક, કલ્પેશ હરીશભાઈ પલાણ, દિપકભાઈ રાજાણી, ગૌરાંગભાઈ ઠકકર, નલીનભાઈ તન્ના, દિલીપભાઈ સોમૈયા, ચંદુભાઈ રાયચુરા(ઉપપ્રમુખશ્રીઓ), સંજયભાઈ કકકડ અને કનુભાઈ હિંડોચા (મહામંત્રીશ્રીઓ), ધર્મેશભાઈ કકકડ, બાલાભાઈ સોમૈયા, ચેતનભાઈ ગણાત્રા(સહમંત્રીશ્રીઓ), જીતુલભાઈ કોટેચા (થેલેસેમીયા સમિતી), હિરેન વડેરા (પ્રમુખ, યુવા પાંખ), રાજેશભાઈ કારીયા (ખજાનચી), ધીરેન્દ્ર કાનાબાર (જીવદયા સમિતી), મનુભાઈ મીરાણી, કિરીટભાઈ કેસરીયા, સમીર રાજાણી, મયુર અનડકટ, સાગર તન્ના, પાર્થ ધામેચા,જયેશભાઈ ઠકકર, મિત્સુ ઠકરાર, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના—રાજકોટની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.